શ્રી જૈન શુભેચ્છક મિત્રમંડળ ઇનામી નિબંધ નં. ૩

"પાંજરાપોળો અને તેની વ્યવસ્થા."

अहिंसा परमो धर्मः

લેખક—નારણજી અમરશી શાહ.

પ્રગટ કર્ત્તા,

શ્રી જૈન શુભેચ્છક મિત્રમંડળ.

ચંપાગલી—મુંબઇ.

વીર સંવત ૨૪૩૪.

ધી જૈન પ્રિન્ટીંગ વર્કસ લી૦

મૂલ્ય રૂા. ૦-૧-૦

ॐ नमः

'अहिंसा परमो धर्म'

પાંજરાપોળો
અને તેની
વ્યવસ્થા.

શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળ તરફનો એક
ઇનામી નિબંધ.

(૩)

વાંચકોને બે બોલ.

શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળ તરફથી જૈનોની સંસારિક અને ધાર્મિક ઉન્નતી વધારવાના હેતુથી તેની પ્રથમાવસ્થામાં જે સંસારિક, ધાર્મિક અને નૈતિક વગેરે વિષયો ઉપર જાણીતા વકતાઓ પાસે જાહેર ભાષણ કરાવવામાં આવતાં હતાં, તે કામ બીજાં મંડળોએ પણ ઉપાડી લીધું છે, એવું તેના સભાસદોના લક્ષમાં આવવાથી કોમનું શ્રેય કોઇ બીજા સાધનથી પણ સાધી શકાય કે કેમ તે ઉપર વિચાર થયો, જેને પરિણામે જૈન બંધુઓ પાસેથી જૈન વિષયો ઉપર જાહેર હરીફાઇ કરાવી નિબંધો લખાવીને પ્રગટ કરવા એવું ઠર્યું.

એવી હરીફાઇને અંગે મંડળ તરફથી આજ સુધીમાં (૧) "જૈનોના જાહેરખાતાં અને તેની સ્થિતિ" અને (૨) "સ્વામી વાત્સલ્ય" [illegible]

નિબંધો છપાવી જૈન બંધુઓને સમર્પવામાં આવ્યા છે; જ્યારે "પાંજરાપોળ અને તેની વ્યવસ્થા" નામનો આ નિબંધ ઉક્ત માળાનો ત્રીજો મણકો છે જે પ્રગટ કરી જાહેરની સેવામા મુકતાં મંડળ પોતાના હેતુમાં એક ડગલું આગળ આવ્યું છે એમ તે માને છે.

ઉંચી અને ધાર્મિક કેળવણીની ખામી આવા વિષયોને લાગુ પડતા સાહિત્યની મોટી ખોટ કેટલાક વિષયના ખાસ અભ્યાસ (Special Study) પરત્વે અપાતું દુર્લક્ષ્ય તે સાથે જંજાળભરેલું જીવન ગાળવાની આપણા ભાઈઓની વૃત્તિ વગેરે બીજા અનેક કારણોના પરિણામે જાહેર નિબંધો અને હરીફાઈ માટે લખવું પડે છે કે તેનો લાભ બહુ જુજ લેવાતો જણાય છે. અને તેવાજ સબબે આ નિબંધ માટે માત્ર ત્રણુજ લેખકોનું બહાર આવવા બન્યું હોય એમ સમજાય છે. એ ત્રણે ઉમેદવારોના લેખ અત્રેના જાણીતા ઝવેરી તથા સાક્ષર અને પાંજરાપોળના કામના અનુભવી શ્રીયુત માણેકલાલ ઘેલાભાઇ પાસે તપાસાવી જોતાં તેઓએ તેમાંનો જે લેખ વઢવાણવાળા શાહ નારણજી અમરશીએ લખ્યો છે તેને પ્રથમ પદ આપી ઇનામને યોગ્ય ઠરાવ્યો છે.

શાહ નારણજીનો આ નિબંધ વાંચતાં વાંચકોને જણાશે કે "પાંજરાપોળ અને તેની વ્યવસ્થા" ની બાબતમાં તેમનો અનુભવ અને અભ્યાસ બહુ ઊંડો અને પ્રશંસાપાત્ર છે. અને મંડળ તરફથી આપવામાં આવનાર જુજ ઇનામ તરફ લક્ષ ન રાખતાં તેમણે દેશ સેવા, જન સેવા બજાવવાનો ઉત્તમ હેતુ રાખ્યો છે એમ હમને કહ્યા વગર ચાલતું નથી. તેમણે જણાવ્યા મુજબ તેઓએ સંવત ૧૯૪૦ થી સંવત ૧૯૪૩ સુધીમાં હિંદની પાંજરાપોળો તથા "ઢોરો ઉછેરવા વિષે" એ નિબંધો લખ્યા હતા, જે માટે તેમને કર્નલ એચ. એલ. નટ અને જુનાગઢના દિવાન રા. રા. હરીદાસ વિહારીદાસ તરફથી ઇનામો મળ્યાં છે. એ પછી તેમણે સંવત ૧૯૪૮ ના વર્ષમાં 'અહિંસા પરમો ધર્મઃ' નામનુ પુસ્તક છપાવી પ્રગટ કર્યું હતું. ઉપરાંત સંવત ૧૯૪૯—૫૦ માં રાજકોટના દિવાન રા. રા. મોતીચંદ તુળસીદાસ તથા મોતીચંદ ડાહ્યા વગેરેના સંબંધમાં રહી ત્યાં પાંજરાપોળ ઉઘાડવામાં ભાગ લીધો હતો, જેના સેક્રેટરી તરીકે રહેવાને—મજકુર ગૃહસ્થોએ શાહ નારણજીને માંગણી કરી હતી. સીવાય કાઠીયાવાડના ઘણા ગામો તથા શહેરોની પાંજરાપોળો તથા તેમની વ્યવસ્થાનો તેમને જાતી અનુભવ છે, જે આગળી

વીગત ધ્યાનમાં રાખી તેમણે આ લેખમાં—સારરૂપે—જે કાંઇ હાલના સમયને અનુસરતું થઇ પડે— અને પાંજરાપોળના હેતુઓ ઉત્તમ રીતે જળવાય તથા તેની વ્યવસ્થા વધારે લોકપ્રિય અને લાભદાયક નીવડે તે બતાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ લેખમાં પાંજરાપોળ શબ્દની જે વ્યુત્પત્તિ બતાવવામાં આવી છે તે સર્વેએ યાદ રાખવા જેવી છે. કેમકે તપાસ કરતાં એ ખાતાંઓ હાલમાં—પાંગળા—અશક્ત જીવોને માટે ને આશ્રમસ્થાનને બદલે સારા અશક્ત જાનવરોને રાખવાના ધામરૂપ થઇ પડેલાં જણાય છે. તેથી એવે ઠેકાણે કેવાં પ્રાણી રહેવાં જોઇએ—તે કોણે મૂકવાં જોઇએ—તેની આવકનાં સાધનો કેવાં રહેવાં જોઇએ—તેની સારસંભાળ કેવી રીતે થવાની જરૂર છે—તેમજ તેમાં રખાતાં પ્રાણીઓ માટે—ઘાસ—દાણા વગેરે શી રીતે ભરી રાખવા—તેમાં વ્યાજબી કર કસર કેમ થઇ શકે,—પશુવૈદ્યોની જરૂર તથા ફરજ શી છે—વગેરે ઘણીક બાબત દરેકને મનન કરી અમલમાં મૂકવા જેવી માલમ પડશે તે પ્રત્યે ધ્યાન ખેંચવામાં આવે છે.

ઉપલી સામાન્ય સૂચનાઓ સાથે પાંજરાપોળોના કારભારીઓએ વર્ષમાં ઓછામાં ઓછા એકાદવાર પણ (કોન્ફરન્સ અગર તેવા બીજા સંમેલન સમયે) એકત્ર સભાના રૂપમાં ભેગા થઇ કમીટીઓ વગેરે ઠરાવી પદ્ધતિસર કામ કરવાનું નક્કી કરી પોતાને મજકુર કામમાં પડતી અડચણોને દૂર કરવા માટે વાદવિવાદ ચલાવી સઘળા ઘટતા સુધારા વધારા કરવાને અને તેમના હાથ તળે ચાલતાં ખાતાંઓને વધુ સારી સ્થિતિએ મૂકવાને લેખકે કરેલી સૂચનાઓ તરફ પણ તેઓનું ધ્યાન ખેંચીએ છીએ.

થોડાક વખત થયાં અત્રે ઢોરો ઉછેરી તેમનાં દૂધ વગેરેની પૈદાશ કરવાને એક દેશી કંપનીનું સૂચીપત્ર બહાર પડ્યું છે અને દેશીઓ સાથે જોડાઇને પશ્ચિમની પદ્ધતિપર કામ કરવાને એવુંજ એક ખાતું ઉઘાડવાની એક અંગ્રેજ ગૃહસ્થ તરફથી હિલચાલ થતી સંભળાય છે. એ બેરૂ મંડળીની તરફથી બહાર પાડવામાં આવેલી વીગત જોતાં લાગે છે કે આવાં ખાતાંથી પશુઓની રક્ષા થવા ઉપરાંત નફો પણ થઇ શકે છે. તેથી હમે પાંજરાપોળોના કારભારીઓનું ફરીથી ધ્યાન ખેંચી જણાવીએ છીએ કે આવી કંપનીઓના કામની માહીતી મેળવી તેવાં ખાતાં ઉઘાડવા બનતો પ્રયાસ લેવો અને તેમ બનવું અશક્ય હોય તો આના જેવી પણ પ્રમાણીક

અને વિશ્વાસપાત્ર જણાતી કુંપનીઓમાં નાણાં રોકી 'એક પંથ ને બે કાજ' કરવાં.

આ લેખમાં કેટલીક બાબત વધારવા જરૂર માલુમ પડવાથી—તે ફૂટ નોટમાં બતાવી છે.

આ નિબંધના ત્રણે લેખકોમાં બીજા લેખક અમદાવાદવાળા ઝવેરી રા. રા. મોહનલાલ મગનભાઇ છે. જો કે તેમનો લેખ નિબંધ પદ્ધતિસર લખાયલો નથી, છતાં પણ "પાંજરાપોળ" અને તેની વ્યવસ્થા વિષે તેઓશ્રીને જે કાંઇ અનુભવ છે તેનો લાભ તેમણે નિઃસ્વાર્થ વૃત્તિથી જનસમાજના લાભ માટે આપવા જે લાગણી બતાવી છે તે જોઇ મંડળને ઘણો આનંદ થાય છે. અને હવે પછી તેઓ તથા કોમના બીજા આગેવાનો અને હિતેચ્છુઓને એજ પગલે ચાલવાને વિનંતી કરે છે.

છેવટે આ ટુંકો પણ બહુ ઉપયોગી લેખ જનમંડળને પશુદયા તરફ દોરવા પામે, તેમ નહિ તો હાલની પાંજરાપોળની વ્યવસ્થામાં થોડાક વખતને અનુસરતા સુધારા કરાવવા તેના કાર્યવાહકોને પ્રેરે તો આ શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળનો આશય સહેજ અંશે પણ પાર પડેલો જોઇ તેના પ્રેરકોને આગળ વધવાને પૂરતું ઉત્તેજન મળશે.

મુંબાઇ, વીઠલવાડી, ચંપાગલી,
ભાદ્રપદ
પ્રતિપદા. વિ. સંવત ૧૯૬૪.

શ્રી જૈન શુભેચ્છક મિત્ર મંડળ.

(લેખક—શા. નારણજી અમરશી.)

મંગળાચરણ.

•સકળ કર્મથી (રહિત) મુક્ત એવા તિર્થંકર ભગવાન તથા સિદ્ધ ભગવાનને નમસ્કાર થાઓ. જે ભગવંતે આત્માને આત્મા રૂપે જાણ્યો; તેમજ જેણે શરીર, મન, વાણી, આદિ પુદ્ગલ ભાવને પરરૂપે જાણ્યો; આત્માથી અન્ય સર્વ અચેતન છે એમ જાણી જેઓ તેનાથી વીરામ પામ્યા, એવા ભગવાન અનંત અવિનશ્વર, જ્ઞાનમય, સદાકાળ વર્તે છે, તેમને નમસ્કાર થાઓ. (સમાધિ શતકમ્)

"પાંજરાપોળો અને તેની વ્યવસ્થા" એ નિબંધમાં ખાસ રીતે જોઇએ તો બે ભાગ પડે છે. (૧) પાંજરાપોળો અને (૨) તેની વ્યવસ્થા. આ બે ભાગ દેખીતા છે, અને તેને કાયમ રાખીનેજ આ નિબંધમાં ઘટતી તપાસ લઇશું.

'પાંજરાપોળો' એ પ્રથમના ભાગમાં શું શું વસ્તુઓનો સમાવેશ થાય છે, તે તથા તેની ઉત્પત્તિઓ અને હેતુ વિચારમાં લેવા યોગ્ય છે. 'પાંજરા' એ શબ્દનો વ્યુત્પત્ય અર્થ જોઇએ તો 'પિંજર' એટલે પાંજરૂં થાય છે. એટલે એમાં કાંઇ વિશેષ અર્થ સમાતો નથી. સમજને ખાતર જોઇએ તો 'પાંજરા' શબ્દમાં પાં પછીનો જે 'જ' વર્ણ છે. તે 'જ' ને જો 'ગ' કરીએ અને 'રા' વર્ણને ઠેકાણે 'ળા' વર્ણ હોય એમ સમજીએ તો 'પાંજરા' શબ્દને બદલે પાંગળાં શબ્દ થાય. 'પોળો' એટલે દરવાજો અથવા મહોલ્લો કિંવા શેરી થાય છે. એ બન્ને ભાગ સાથે વિચારીએ તો 'પાંગળાપોળો' થાય છે; અને ખરેખાત એમજ છે. પાંજરાપોળોમાં ઘરડાં-પુછ્ઝે પડેલાં (અશક્તિવાન) માંદાં-પગ શીંગ આદિ ભાંગી ગયેલ પ્રાણીઓને રાખી તેની સારવાર કરવામાં આવે છે. પાંખો આવ્યા વિનાનાં ટેંટારૂપ પંખીડાં કોઇ કારણથી પડી જતાં માળામાંથી યાતો માળાની ગેરહાજરીમાં એ બચ્ચાં અથવા ઉડવાને અશકત પંખીડાંઓ તેમજ તુરતનાં જન્મેલ લવરડાં (ઘેટાંનાં બચ્ચાં) જેની નર ઓલાદને ભરવાડો રબારીઓ અને બીજા કેટલીક વર્ણના લોકો પાળતા નથી, પણ રખડતાં મૂકી દે છે, (હવે મહાજન-દરબારો-ભકતો આદિના ઉપદેશ તેમજ ધારાથી રખડતાં મૂકતાં નથી) આવાં નાનાં બકરાંઓ તથા જે લોકો વાછરડાં તથા પાડાના ઉપર હળ અને ગાડીના ભારથી મુકત કરવાને અર્થે આંકીને સાંઢ બનાવે છે તે તથા જંગલમાં વસતાં હરણુ, રોઝ, કાલીયાર, વગેરે અશકત થઇ પડેલાં જો હાથ લાગે તો તેમનું રક્ષણ કરવામાં આવે છે.

આવાં પશુઓ અને પક્ષીઓની દવા અને માવજત થાય છે. તેમને ઘાસ, ચારો અને પાણી મળે છે. એ પ્રાણીઓ સાજાં થતાં તેમને જોઇતો નિર્વાહ આજ જગોએ મળે છે, જેથી આ ખાતાને 'ખોડાં' ઢોર ખાતું પણ કહેવામાં આવે છે.

પારેવાં અથવા કબૂતરને ચણ નાખવા અર્થે ચણવાનું-અને કૂતરાઓ રખડતાં ફરે છે (અને આમંત્રણ વિનાના પરોણા ગણાય છે) તેમનું રક્ષણ આ ખાતા મારફત થાય છે. આ સુધરેલા જમાનામાં જે બદીઓ પ્રગટી નીકળી છે તેમાંની એક બદી એ છે કે રખડતા કુતરાઓને ઝેર ખવરાવીને અથવા સુંધાડીને મારી નાંખવા. આ કામ સાહેબ લોકો સરકારી ખાતાં, પોલીસ ખાતાં અને મ્યુનીસીપાલીટીઓ તથા દરબારો કરવા લાગ્યાં છે. તેથી તેમને બચાવવાને માણસો તથા પાંજરા ફેરવી એ કૂતરાંને પકડીને શહેરોથી દૂર નાનાં ગામડાંની આસપાસ મૂકી આવવામાં આવે છે કે જેથી તેમનો ઘણે ભાગે બચાવ થઇ શકે છે.

શેહેરોની નજીકનાં જળાશયોમાં કેટલાક લોકો મચ્છી મારવા આવે છે. તે મચ્છીને મારવા ન દેતાં બચાવવા અર્થે તથા નાનાં જીવડાંને પક્ષીઓ મારી ન નાખે એટલા સારૂ ચોકીઓ રાખી બનતા ઉપાયો કરવાનું કાર્ય પણ આ પાંજરાપોળનું ખાતું બજાવે છે.

કોઇ સ્થળે ખાટકી લોકો ઘેટાં, ગાયો કે પંખીડાં વધ કરવા વાસ્તે લઇ જતાં જણાઇ આવે છે, તો તેને પણ 'પાંજરાપોળો'નાં ફંડમાંથી છોડાવી લેવામાં આવે છે અને એવી રીતે કેટલાક જીવોને બચાવી લેવામાં આવે છે. આવાં આવાં ઘણાં કામો પાંજરાપોળો બજાવે છે.

અનાજમાંથી નીકળતી જીવાત, ભુંડ, ધનેડા, વાંતરી, એળો આદિનો સંગ્રહ કરીને તેમને પણ રૂડી રીતે બચાવવાને પાંજરાપોળ ઉપયોગી સાધન છે.

છેવટે કોઇ વખતે બીનવારસ માણસ મરી જતાં તેની લાસ રખડે તેમ હોય અને કોઇ સારસંભાળ કરનાર ન હોય ત્યારે તેને અગ્નીસંસ્કાર કરાવવો કે દટાવવું—ખાપણ લાકડાં પુરાં પાડવાં આદિ આ ખાતાં મારફત થાય છે. આ ખાતાં તરફથી દુકાળમાં ઓછે ભાવે અનાજ પુરૂં પાડવાની દુકાનો પણ કેટલીક જગોએ ઉઘાડવામાં આવે છે.+ કેટલાક સાર્વજનીક ખાતાંઓને પણ પાંજરાપોળો તરફથી મદદ મળે છે.

પાંજરાપોળોનાં ઢોરોનો થતો ઉપયોગ.

ઘણી જગોએ તો નહી પણ અમૂક કોઇક જગોએ પાંજરાપોળોમાં સારા બળદની જોડો હોય છે. તે મહાજનના શેઠીઆઓ સાર્વજનીક કામે જતા હોય છે. ત્યારે જોડવામાં આવે છે.* પાંજરાપોળોના કામ સારૂ ઘાસ ભરવા જતાં, કપાસીયા લેવા જતાં અને કુતરાંઓને પકડવા જતાં તથા મૂકવા જતાં એ જોડોનો ઉપયોગ થાય છે. અમુક જગોએ બીમારોને દવાશાળાઓમાં લઇ જવાના તથા વરરાજા પરણતાં અમુક ભાડાથી વાહનો પૂરાં પાડવામાં આવે છે.

+ પાંજરાપોળોનો અર્થ આટલો બહોળો ન હોય—કોઇ જગે તેમ થતું હોય તો યોગ્ય નથી-બેશક સારી પાંજરાપોળોએ બીજી પાંજરાપોળને મદદ આપવી જોઇએ.

* સશક્તને કામમાં લેવાંજ જોઇએ. શુભ કામ માટે અમુક લાગાથી પણ આપવાં જોઈએ. તેમ થવાથી તે પ્રાણીઓની સુખાકારી અને આનંદમાં વધારો થાય છે. બહુ કામ લઈ ઓછો ખોરાક આપવો નહી, પણ ખોરાક પચે તે માટે 'લેવું' તે તંદુરસ્તી વધારનારૂં છે.

મોરબીમાં પાંજરાપોળોનાં જનાવરો પાસે સડક છાંટવાના, બંબ ખેંચવા, વિગેરે મ્યુનીસીપાલ અથવા દરબારી ઉપયોગમાં લેવામાં આવવાનો દાખલો દ્રષ્ટિએ પડતાં એ સંબંધી ત્યાંના આગેવાનોની સાથે અમુક માણસને સંવાદ થતાં મોરબીવાળાએ એવી દલીલ કરી હતી કે જમાનાને અનુકૂળ થઇ પાંજરાપોળોનાં જનાવરોને આળસુ કરી મૂકવાને બદલે ઉદ્યોગે લગાડો, જેથી એ જનાવરોનું શ્રેય થશે તથા માણસ જાતને તે ઉપયોગી થશે તથા તેના ખર્ચનો બોજો વધી નહી જાય! (ગુજરાત, કચ્છ, અને કાઠીયાવાડની કોઇ પણ પાંજરાપોળમાં રહેતાં જાનવરોને ઉપયોગમાં લેવામાં આવતાં નથી.)

આંકેલ ખુંટડા અથવા સાંઢડાને જોતરવાનો કોઇ પણ સ્થળે રીવાજ નથી. માત્ર સાયલા સ્ટેટની રૈયતમાં એવાં આંકેલ જનાવરો વપરાય છે. અને એ રૈયતે એવાં જનાવરો પોતાના દરબારમાંથી વેચાતાં લીધાનું જાહેર કર્યાનું પ્રસિદ્ધીમાં આવેલ છે. આવી રીતે વાછરડાં આંકી સાંઢડા બનાવવા અને તેને નીરઉપયોગી રાખવા એ જુના વિચારવાળાને પ્રિય છે. નવા વિચારવાળાને એ વાત પ્રિય થતી નથી. એવા બન્ને જાતના વિચારવાળા ભેગા મળે અને સંવાદ થાય તો તે જોવા યોગ્ય થઇ પડે! એ સંવાદની એક બે દલીલો અત્રે રજુ કરીશું!

જુના વિચારના શેઠ સાહેબો કહેશે કે—મહાજનને શરણે ગયો તેને પછી દુઃખ શું કામ જોઇએ? તેને આરોના અને પરોણાના માર શું કામ જોઇએ? એ પ્રાણી ઉપર દયાદ્રષ્ટિથી જૂઓ.

નવા વિચારવાળા કહેશે કે—એવા સાંઢડા રખડતા ફરી ઘણાઓને નુકશાન કરે છે. ગરીબ ખેડુઓનો (ઉગતું અનાજ) મોલ કચરી નાખે છે, છુંદી નાખે છે અને ચરી જાય છે. નિર્દય ખેડૂતો અસહ્ય માર મારે છે, ડબાઓમાં પુરાય છે! આવી રીતે પારકો ભંજવાડ કરવાને "પળતીયાં ઢોરમાં રાખવાં તે ઠીક નહી." ન ધણીયાતાં ઢોરનું કોણ રક્ષણ કરે? એવાં ઢોરોના કેટલા વાડા ભરી રાખશો? ખર્ચના બોજાનો વિચાર કરો! ગજાથી વધારે બોજો ન ઉપાડો! ગજાથી વધારે લાદેલ ગાડી આગળ ચાલી નહીં શકે! જો એ વાછરડાંને પાળી બળદ કરશો તો તેથી ખેતીને લાભ થશે તથા તેનું રક્ષણ સારી રીતે થશે.

જુના વિચારના શેઠ સાહેબો કહેશે કે આજે તમને આવાને આવા ટુંકા વિચારો સૂઝે છે. વાતો મીઠી મીઠી ઠીક લાગે છે. એક દિવસ આપ

જો જાતે મજુરી કરો તો તેના કષ્ટનો આપને અનુભવ થાય! ઘરડા કરતા આવ્યા તે કરીએ છીએ. નવું કરવું નહીં, અને જુનું લોપવું નહીં. પૂર્વ-કાળે પુન્ય પ્રભાવી માણસો હતાં. તેમની પુન્યાઇના જોગથી તેઓ કેવા સુખી હતા? તેમના કેવા મોટા વિચારો હતા? રાજાને ઘેર રહેતું કુતરૂં તેની સંગતિના પ્રતાપે રાજાની ગાડીમાં બેસી ફરવા નીકળશે. બજારમાં ફરતું કુતરૂં સવારથી સાંજ સુધીમાં કેટલા ધક્કામૂક્કી ખાશે? ભલા ભાગ્યશાળીને ઘેર જન્મેલ વાછરડા અથવા પાડાને શીર જોંસરૂં મૂકાય તે તેની સંગતિને પણ ઘટીત નથી.

નવા વિચારના કહેશે વાહ! દલીલ તો ઘણી સારી કરી! પારકા ઘેર પોલાઇ વધારી! જો એવા મોટા દીલના શેઠ સાહેબો એ જનાવરોને પાંજરાપોળ ન બતાવતાં ઘેર રાખતા હોત તો તો તેમને વાજબી અનુભવ જણાત! અને એ પ્રાણીની સ્થિતિ પણ સચવાત! પણએ પ્રાણીઓ ઘરનાં કે ઘાટનાં રહેતાં નથી અને ઘણાં સંકટ વેઠે છે.

જુના વિચારના કહેશે કે આમ કહીએ તો આમ! તેમ કહીએ તો તેમ! પણ કાંઇક જવાબ તો જડે? હોઠ સાજા ત્યાં ઉત્તર ઝાઝા! શીંગડે ઝાલીએ ત્યાં સુધારાવાળા ખાંડા અને પૂછડે ઝાલીએ તો બાંડાં! પરંતુ વિચારી જુઓ. સારા સાંઢ વિના સારાં વાછરડાં જન્મેજ નહીં. સારી સંતતી વાસ્તેજ સાંઢડા પાળવાનો રીવાજ નીકળ્યો હતો. વખતના જવાથી એ નિયમ પૂરતી રીતે સચવાતો નથી. જેથી હવે ઢોરોની ઓલાદ નબળી થતી જાય છે. બીજું પરિણામ ખાસ રીતે સમજવા જેવું છે. ઘોડાઓની ઓલાદ સારી રીતે જાળવવાને સાહેબ લોકો જુઓ કેવા ઉપાયો કરે છે. ખચ્ચર અને ઘોડાનો સંયોગથી ખચ્ચર ગધેડાં જન્મે છે એજ પ્રત્યક્ષ પ્રમાણ છે. "મા તેવી દીકરી ને ઘડો તેવી ઠીકરી, યા તો બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા."×

પાંજરાપોળોનાં ઢોરોનો ઉપયોગ કરવા સંબંધે સમાધાન.

હાલ કેટલીક જગોએ પાંજરાપોળમાં ગાયો વધી પડતાં અથવા ગૌરક્ષણી સભાઓમાં ગાયોનો જથો વધી પડતાં એ ગાયો સુખી સ્થિતિમાં

× આ સંવાદમાં જમાનાને અનુકુળ વિચારને માન આપવામાં મોટો લાભ છે— થોડી આવક હોય પણ જાનવરોની જેટલી સંખ્યા ભેગી થઇ હોય. યા થતી હોય તેનું રક્ષણ કરવું પડે છે અને તેથી પૂરતા ખર્ચની કોતાઇએ. દેખરેખમાં ખામી આવવાથી જબરાઓ ગજાઉપરાંત ખાઇ પી (દુકાળીઆની માફક) મરે છે ત્યારે નબળાઓ ખોરાક લીધા વીના દર્દે પીડાઈ મરે છે. માટેજ સશક્તની જાળવણી કરવી પણ તેનું ખર્ચ માથે પડવા દેવું નહી.

રહી શકે એવી જગોએ ઓછા દામથી અથવા તદ્દન બક્ષીશ આપવામાં આવે છે. આ રીત બહુજ પસંદ કરવાયોગ્ય છે. એવીજ રીતે બળદ પાડા વિગેરે આપવા રીવાજ થાય તો તે નાપસંદ કરવા જોગ નથી. સાંઢડા કરવા, તે માત્ર એટલાજ પ્રમાણમાં કે જેથી તે દ્વારે સારી ઓલાદ ઉત્પન્ન કરાવી શકાય ! પણ એ હદ બહુ વધી જવી ન જોઇએ. બધાં વાછરડાંના સાંઢ થવાજ જોઇએ એમ થવાની જરૂર નથી. પાંજરાપોળોમાં માંદાં જનાવરો આવતાં તે સાજાં થયા પછી અમૂક ખર્ચ લઇને તેના ધણીને પાછાં સુપ્રત કરવાં જોઇએ અથવા તે ઉપયોગમાં લઇ શકય તેમ હોય તો ઉપયોગમાં લેવાં. અથવા તેને ઉપયોગમાં લઇ શકે એવા સદ્‌ગૃહસ્થને વેચાતાં અથવા બક્ષીશ આપવાં. પણ તે પ્રાણીનું સારી રીતે રક્ષણ કરવાનો મુદ્દો લક્ષની બહાર રહેવો ન જોઇએ.

પાંજરાપોળોમાં મુકાતાં ઢોરો.

રાત દિવસ દૂધ ખાઇને જયારે ગાય અથવા ભેંસ ઘરડી અથવા અશકત થાય ત્યારે પાંજરાપોળમાં મૂકવા જવું એ બહુજ અનરીત છે. કોઇ રીતે એવું થવું ન જોઇએ. બળદ, ઘોડા આદિનો ઉપયોગ ખૂબ કર્યા પછી એ પ્રાણિ જયારે વૃદ્ધાવસ્થા ધારણ કરે ત્યારે તેને પાંજરાપોળમાં મૂકવા જવું એ બહુ શરમભરેલું છે. એટલુંજ નહીં પણ એ પ્રાણિને પાંજરાપોળમાં મૂકવાને બદલે કોઇ કનીષ્ટ ઠેકાણે વેચવું એ એથી પણ હલકું છે. દયાનાં અલંકારમાં સજ થએલ ઘાતકીપણું આનું નામજ છે. આનું નામજ સ્વાર્થસિદ્ધતા છે. ના ખરેખરી રીતે તો આવી વખતે એ પ્રાણિને પોતાને ત્યાંજ આરામ આપવો. પોતાનાં વૃદ્ધ માબાપ અથવા બાળ બચ્ચાંનો જે રીતે નિર્વાહ કરવામાં આવે છે એ રીતે સુખ દુઃખ વેઠીને એ પ્રાણિઓનો રૂડી રીતે નિર્વાહ કરવો અને પાંજરાપોળ જેવા ખાતાંને વધારે બોજો ઉપાડવાને ફરજ પાડવી નહીં.+

દુકાળના વખતમાં પાંજરાપોળોમાં ઢોરોનાં ટોળેટોળાં આવી પહોંચે છે. એ વખતે પાંજરાપોળોના વ્યવસ્થાપકો કમકમી જાય છે. આટલાં

+ કદાચ શ્રીમંતો પોતાને ઘેર રાખવા કરતાં ત્યાં રાખવામાં દવા આદીથી તે જીવોનો લાભ થતો જોતા હોય તો પોતે જેટલા પ્રાણીઓ મુકે તેનું તે જીવે ત્યાં સુધીનું ખર્ચ પોતે આપવું જોઈએ– શું પાંજરાપોળ ન હોય તો કાંઈ ગ્રહસ્થ તેવા જીવને રઝળતાં મુકી શકશે? નહીજ. શ્રીમંતે મહેનત અને ખર્ચ બંને બચાવવું ન જોઈએ.

ઢોરોને શી રીતે સમાવવાં? એ ઢોરોને બાંધવાં છોડવા શી રીતે? ઘાસચારો નાખનાર માણસો કયાંથી પુરાં પાડવાં? ખડ કયાંથી લાવવું અને ખર્ચને શી રીતે પહોંચી વળવું? એ બધાંનો પારાવાર વિચાર થઇ પડે છે. (આવો સમય ન આવે એમજ ઇચ્છીશું છતાં) આવો વખત આવી પહોંચે તે પહેલાં ઘટતો બચાવ કરવા સંબંધે કહીશું કે ઢોરો રાખનાર દરેક માણસે પોતાની પાસે જે ઢોર હોય તેને સારૂ બે વર્ષની ખર્ચી કાયમ ભરી રાખવી. આમ કરવાથી વ્યાજ ખાદ પડશે, કદાચ ઢોરોને જુનું ખડ ખાતાં ઠીક નહીં પડે તોપણ આખરે એ કાર્ય ઘણુંજ ફાયદાવાળું થશે અને દુકાળ સામે તોજ ટકી રહેવાશે! દરેક દેશી રાજાએ પોતાની અભીવૃદ્ધીના હેતુથી તથા પોતાની પ્રજાના કલ્યાણ સારૂ પોતાના રાજયમાં જેટલાં ઢોર હોય તેટલાંને એક વર્ષ દિવસ સુધી ચાલે એટલું ખડ અવશ્ય ભરી રાખવું ઘટીત છે. આવી રીતે ખડ ભરી રાખવાથી વ્યાજ ખાદ નહીં પડે પણ સામી ઉપજ વધશે. ખડનો સારો ભાવ ઉપજશે, એટલુંજ નહીં પણ પોતાની રૈયતનો બચાવ થશે. ઢોરો બચવાથી બીજે વર્ષે પોતાના રાજયની જમીન ખેડાયા વિના પડતર નહીં રહે એ પણએક ખાસ ફાયદો થશે. જો જમીન પડતર નહીં રહે તો ધીરેલ તગાવીની રકમ વસુલ સહેલાઇથી થઇ જશે. આ સૂત્ર દરેક ખેડૂતે તેમજ દરેક ખેડૂતની સાથે ધીરધાર કરનાર વ્યાપારીએ અવશ્ય ધ્યાનમાં રાખવા યોગ્ય છે. એટલુંજ નહીં પણ દરેક પાંજરાપોળના વ્યવસ્થાપકો તથા અધ્યક્ષોએ પોતાના ખપ કરતાંએ વિશેષ પ્રમાણમાં ઘાસ ભેગું કરી રાખવાની અગત્ય છે. આથી સંખ્યાબંધ ઢોરો બચાવી શકાશે અને પાંજરાપોળનો ઉત્તમ હેતુ બર લાવવાનું એક બળવાન સાધન હાથમાં રહેલ છે એમ માન્ય થશે. કોઇ વિવાદગ્રસ્ત પુરૂષ એમ કહે કે આજના વખતમાં પરદેશથી ઘાસને આવતાં કયાં વખત લાગે છે? રેલવેનાં સાધનો મોજૂદ છે; તો તેના સમાધાન અર્થે કહીશ કે ગયા છપનીયા કાળમાં પરદેશી ઘાસ આવતું હતું, પણ તે જુનાં ઘાસ કરતાં આઠગણું મોઘું પડતું હતું અને ઢોરોની તન્દુરસ્તીને માફક પણ નહોતું આવતું. પરંતુ ચોટીલાના દાદા ખાચરે ઘાસ સંગ્રહી રાખ્યું હતું, જેથી તેનાં ઢોરો બચી શકયાં હતાં. એટલુંજ નહીં પણ કાઠીયાવાડના એજન્ટ ઠુ ધી ગવરનરે બીજા તાલુકાઓ વિગેરેને ઘાસ પુરૂં પાડવાને એ દાદા ખાચરને સમજાવ્યો હતો, એટલુંજ નહીં પણ આસપાસના પહેલાથી પાંચમા કલાસના રાજાઓ તથા તાલુકદારોએ એ ઘાસ મેળવવાને ખાસ વિનંતી કરી હતી અને લાગવગ લગાડી હતી. જો કે એ

દાદા ખાચર પાસે એ બધાંને પુરૂં પાડી શકાય એટલું ઘાસ નહોતું! વઢવાણ શહેરની પાંજરાપોળે અગાઉથી ઘાસનો સંગ્રહ કરી રાખ્યો હતો. તેના સુપ્રતાપે ઝાલાવાડની તમામ પાંજરાપોળો કરતાં જાનવરોનું સારૂં રક્ષણ કરી શકાયું હતું,+ એટલુંજ નહીં પણ ઇંદોરથી મહારાજા સાહેબ પોતે પાંજરાપોળ જોવા પધાર્યાં હતા. અને પાંજરાપોળનો ઉંડો તથા પકકો બંદોબસ્ત જોઇ સારી રકમ ભેટ આપી હતી; તથા બેથી ત્રણ હજાર ગાયો પોતાના મૂલકમાં બહુજ ઉત્તમ સંભાળથી લઇ જઇ કદર કરી હતી. મહારાજા સાહેબ બે બાબતો જોઇ ખુશી થયા હતા. એક તો આગળથી વિચાર કરી ખડ ભરી રાખવા માટે અને બીજું સાદાઇથી ગામના તમામ વેપારીઓ જાતોજાત ઢોરોની સારસંભાળ કરતા હતા તથા શહેરમાં તમામ ઘરે એક એક ગાય લઇ જવામાં આવી હતી. જો કે ખડ તમામને મહાજન તરફથી મળતું હતું. માત્ર રક્ષણ કરવાનું હતું. આ મહારાજા છુપી રીતે છડી સ્વારીએ એક સાધારણ માણસ તરીકે 'પાંજરાપોળ' તપાસી ગયા હતા, જે પછી થોડા વખતમાં તેઓ વાનપ્રસ્ત થયા હતા, તેમની પરમ્ જીજ્ઞાસા 'ગાય માતા' નું રક્ષણ કરવાની હતી.

દુકાળ જેવા ભય સામે રક્ષણ કરવાના ઉપાયો અગાઉથી કામ લગાડવા એ બહુજ ઉત્તમ કરકસરની વાત છે. એવી તૈયારીઓને લીધે બીજી જગોએ અણીની વખતે લાચારી કરવા જવાનો વખત નથી આવતો. વઢવાણ પાંજરાપોળને મદદ આપવાને મુંબાઇ તથા અમદાવાદથી જણાવ્યું હતું પણ વઢવાણની સારી તૈયારીઓને લીધે એવી મદદ સ્વીકારવાનો વખત આવ્યો નહોતો. પરંતુ ઘણી જગોએ મદદ કરી શકાઇ હતી. લીંબડી અને મોરબીથી ઢોરો ત્યાંની પાંજરાપોળોએ મોકલાવ્યાં હતાં અને તે માટે ઘટતું કરી શકાયું હતું. એ બધો આગમજની તૈયારીનોજ શુભ પ્રતાપ સમજવો.×

+વઢવાણ પાંજરાપોળ થોડાંક વર્ષ ઉપર મેં પણ જોઇ છે અને બીજી કેટલીક કરતાં ત્યાં સારો સુધારો છે. તેમ વીજાપુર મધ્યે હાલ થોડા વર્ષોથી વ્યવસ્થા અને સુઘરાઇ-સ્વચ્છતા—માટે સારૂં ધ્યાન અપાય છે.

વહીવટકરતાની અને કમીટીની દેખરેખ, ઉત્તમ લાગણી, સંતોષકારક પરીણામ નીપજાવે તેમાં શું નવાઇ.

× જે વહીવટકરતાઓએ છપનીઆ જેવા દુષ્કાળ સમયે પ્રથમથી ચેતી મુંબઇ આદી સ્થળે ટીપ કરવાની મહેનત લીધી હતી તેઓએ મહેનત અને લાગવગ પ્રમાણે સારી મદદ મેળવી હતી, જો તે પ્રમાણે અગમ બુદ્ધી ન રાખી હત તો હાલ મનુષ્યોને મદદના સાંસા છે તેવા વખતે પાંજરાપોળોનું શું થાત તે વીચારી શકાતું નથી—માટેજ વહીવટકરતાઓએ જમાનાને અનુકૂળ વિચારો તથા અગમબુધ્ધી રાખવી જોઇએ.

દુકાળ જેવા ડરામણા દૈત્યથી બચવાને રાજામહારાજા, શેઠ શાહુકારો, ખેડૂતો અને પાંજરાપોળોએ અગાઉથી ચેતીને તૈયારી કરી રાખી હોય તો પાંજરાપોળો માટે ઘણો દુ:સહ્ય બોજો આવી પડે નહીં અને જે થોડો બોજો આવી પડે તે ઘણી સહેલાઇથી પાંજરાપોળો ઉપાડી શકે! અને એવું થવાથી એટલે પાંજરાપોળમાં છતી શક્તિએ માણુસો માત્ર ખર્ચનો બોજો ઓછો કરવાના હેતુથી ઢોરો મૂકવાનું છોડી દે તો બાકી જે કાંઇ પાંજરાપોળો કરે છે તે સંતોષકારક રીતે નભાવી શકાય! અને ગેરવાજબી બોજાથી પાંજરાપોળોને થતી નડતર દૂર થાય! આ સબંધે છેવટમાં જણાવીશ કે કોઇએ "લાપોટો મારીને મોઢું રાતું રાખવું નહીં." જો પોતે વૃદ્ધ અથવા અશક્ત ઢોરનું રક્ષણુ ન કરી શકે તેમ હોય તો જરા પણુ શરમાયા સિવાય એ ઢોરને પાંજરાપોળને સ્વાધીન કરવું. ખોટું ડોળ રાખીને પ્રાણીને હેરાન થવા ન દેવું! અથવા અહીં તહીં વેચીમારી ઘેરથી કાસળ પતાવવું નહીં. પણુ જાહેર હિમ્મત રાખીને એ પ્રાણીનું રૂડું થાય એ સિદ્ધાંતનો સુઉપયોગ કરવો.*

પાંજરાપોળોની સામાન્ય ઉત્પત્તિ તથા તેની હૈયાતી ક્યાં છે?

પાંજરાપોળોમાં શું હોય છે તે આપણે ઉપર સારી રીતે બતાવી ગયા છીએ અને તેની વ્યવસ્થામાં ઉતરવા પહેલાં તેનો ઇતિહાસ સહેજ-સાજ જણાવવો ઉપયોગી થઇ પડશે. ઘણા ઉંડા અને પ્રાચીન સમયમાં પાંજરાપોળો હતી કે કેમ? તે જાણુવાનાં, જોવાનાં, આપણી પાસે સાધનો નથી. પરંતુ અશોકના લેખો ઉપરથી જીવોનું રક્ષણુ કરવું, પાંજરાપોળોને નભાવવી એવાં અર્થદર્શક ફરમાનો મળી આવે છે. કુમારપાળ રાજાનો ઇતિહાસ તેની હૈયાતી બહુજ સારી રીતે સ્વીકારે છે. અને આ વખતમાં મુંબાઇમાં લેડી સાકરબાઇ પાંજરાપોળ માટે યુરોપીયન, પારસીઓ, ઇસલામીઓ અને હિંદુઓ સારો ભાગ લહે છે. ગુજરાતમાં અમદાવાદની પાંજરાપોળ સારી છે અને તે ગુજરાત તથા કાઠીયાવાડની પાંજરાપોળોમાં જનાવરો વધી જતાં તેને પોતાના કબજામાં લઇ સંભાળે છે. એવીજ એક પાલીતાણે છાપરીયાળીની પાંજરાપોળ કાઠીયાવાડ વિગેરેનાં ઢોરો સંભાળે છે. ગુજરાત, કચ્છ કાઠીયાવાડનાં દરેક મોટાં શહેરમાં એક પાંજરાપોળ હોય

* શ્રીમંતો પાસેથી વ્યાજબી ખર્ચ—યા લાગો પોતા તરફથી મુકી જતા જનાવરો માટે લેવો પણ મોતના પંજામાંથી છુટી આવતાં જનાવરો માટે કંઇ પણ લેવા આગ્રહ કરવો નહીં.

છે અને તે પોતાની આસપાસના ગામોમાંથી આવતાં અશક્ત ઢોરોને સંગ્રહે છે. નાનાં ગામોમાં ત્યાંના વેપારીઓ બોકડાં, ભરવાડો પાસેથી લઇ પાંજરા-પોળોમાં મોકલાવે છે અને તેઓનું એ પાંજરાપોળોમાં બની શકે તેટલું રક્ષણ થાય છે.

બંગાળ, મદ્રાસ, પંજાબ અને ઉત્તર હિંદનો મને અનુભવ નથી કે ત્યાં પાંજરાપોળો છે? પરંતુ ઘણું કરીને તો ત્યાં પાંજરાપોળો બીલકુલ નથી.× એ સંબંધી એ ભાગોમાં કાંઇ લાગણી હોય એવું જણાતું નથી. એનો એક પ્રત્યક્ષ દાખલો અત્રે રજુ કરીશ કે તેથી સહેજ અજવાળું પડશે. ત્રણ વરસ પહેલાં પરમ કૃપાળુ શેઠ વિરચંદ દીપચંદ સી. આઇ. ઇ., જે. પી. રાય બહાદુર બદ્રીદાસ કાલિકાદાસજી, નામવર શેઠ ગોકળદાસ મૂળચંદ, શેઠ હેમચંદ અમરચંદ, રા. મનસુખ કીરતચંદ મહેતા, રા. ભગુભાઇ ફતેચંદ કારભારી—'જૈન' પત્રના માલીક અને આ સેવક કાશીએ શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના મેળાવડા ઉપર ગયા હતા. ત્યાંથી ચંદ્રાવતી યાત્રા અર્થે જતાં એ ગંગા તટ ઉપરની ધર્મશાળા તથા ચંદ્ર-પ્રભુજીનું દેરાસર જોઇ દર્શન કરતાં પરમ આનંદ પ્રાપ્ત થયો હતો. ધર્મશાળાથી થોડે દૂર નરાધમો એક કાળા બકરાનો કોઇ દેવ આગળ વધ કરતા હતા. તે નજરે આવતાં તેની તરફ તમામ શેઠ સાહેબો અને અમે ગયા અને એ બકરાને છોડાવી લાવ્યા. દેરાસરની તથા ધર્મશાળાની નજીક કોઇ જાતનો વધ ન કરવાને એ નરાધમોને શીખામણ આપી. એ માણસો પાસેથી હવે પછી આવું ન કરવાને એક દસ્તાવેજ કરાવી લીધો* અને એ બકરાને કાશી લાવ્યા. પાઠશાળામાં પહોંચ્યા પછી પાંજરાપોળમાં મોક-લવા તજવીજ કરી તો ત્યાં પાંજરાપોળ ન મળે! હાજર રહેલા તમામ શેઠ સાહેબોએ અહીં પાંજરાપોળ ઉઘડે તો મદદ આપવા ઇચ્છા જણાવી. ધર્મવિજય મુની મહારાજ સિવાય આ કામ પાર પડે એમ ન મળે. મહારાજશ્રીને પાઠશાળાને કામ આડે જરા પણ અવકાશ મળે નહીં તો પણ મહારાજશ્રીએ એ કામ ઉપાડી લે એવા ગૃહસ્થોનાં નામ આપ્યાં

× મદ્રાસ અને રંગુનમાં પાંજરાપોળો થઇ છે.

* જીવહિંસા નહીં કરવાનો પ્રતિબોધ અજ્ઞાન વર્ગમાં ઉપદેશકોથી તેમજ મુનિ-રાજોએ વિહાર દરમ્યાન જાહેર ભાષણોથી આપવાથી જેટલી હીંસા ઘટશે તેટલી બીજે માર્ગે નહીં ઘટે. બોધથી લોકો ભુલ માટે પસ્તાય છે—અનુભવપુર્વક છે—ચોપાનીઆ મારફતે પણ ઘણું કરી શકાશે.

અને અમે કેટલાકોને મળ્યા. તમામ, પાંજરાપોળ ઉઘાડે તો ઠીક એમ સંમત થયા. પણ કોઇએ કામ ઉપાડી લેવા હિમ્મત ન કરી. આખરે આ શેઠ સાહેબો અને અમે સર્વે સહુ સહુને વતન આવ્યા. કાશી જેવા યાત્રાના ધામમાં પાંજરાપોળ ન મળે એ જોઇ આપણે સર્વેને આશ્ચર્ય ઉપજે એવું છે. આવો મામલો ઉપર જણાવેલ સર્વે દેશોમાં છે. પાંજરાપોળની કાર્યવાહી અને કીંમત માત્ર ગુજરાતી જાણનાર પ્રજા વર્ગમાંજ છે. અને તેમાં પણ મોટે ભાગે જૈન પ્રજા ઉપર વિશેષ આધાર છે. વૈશ્નવ, સ્વામીનારાયણ, રામાનુજ, શંકર આદિ સર્વે હિંદુ સંપ્રદાયના લોકો જો આ કામ તન મન ધનથી ઉપાડી લે તો તે ઘણી સારી રીતે આગળ વધી શકે. "પંચની લાકડી એકનો બોજ" સમજવા જેવું છે. એક હાથે તાળી પડતી નથી. અહિંસાનો સવાલ સ્વીકાર્યા છતાં મદદ માત્ર નામની છે. ચાલતા કામમાં વિઘ્ન બીલકુલ કરતા નથી. પણ એ કામ ખાસ રીતે બધા વર્ગો ઉપાડે તો તેથી સંપની ગાંઠ મજબુત થાય તેમ છે. બધાં જનાવરને રક્ષણ મળે તેવું છે.

આર્ય સમાજીઓ તરફથી "ગોરક્ષા" પ્રચાર કરવાને ભારે ઉત્સાહથી કામ કરવામાં આવે છે. એ ઉત્સાહી નરો જો 'પાંજરાપોળો'ના કાર્યમાં જોડાય તો ભારે ઉપયોગી થઇ શકે તેમ છે. એ વર્ગના અનુયાયીઓ કેળવાએલ છે, ઉત્સાહી છે અને નવા સુધારા વધારા દાખલ કરાવી નવિન જોરનો લાભ આપે તેવા છે. આ કાર્ય હિંદુઓને જેટલું ઉપયોગી છે તેટલુંજ મુસલમાનોને ઉપયોગી છે. દયાળુ પારસીઓ અને ક્રિશ્ચિયનો આવાં કામમાં જોડાવવા જણાવીએ તો જોડાય તેવા છે. આવી રીતે પંચરંગી પ્રજાએ જોડાઇ આ કામ પાર પાડવા જેવું છે. માત્ર કહેવાને દીલગીરી ઉપજે છે કે આ જમાનામાં આ કાર્ય માત્ર જૈનધર્મીઓ બજાવે છે અને બીજી પ્રજા વેપારના લાગા* ઘણી જગોએ આપે છે. ઢોરો મોકલાવે છે. પણ પાંજરાપોળ સંબંધે જેવી જોઇએ તેવી અથવા કેટલીક વખતે તો મુદ્દલ કાળજી રાખતા નથી.

* લાગા ઘણી જગે છે અને નિયમીત—લાગણીપુર્વક— વસુલ આપનારાને ધન્યવાદ ઘટે છે. કેટલીક જગે શરૂઆતમાં આપી બંધ પાડે છે ને બીજાને તેમ કરવાને કારણ આપે છે. તેમ કેટલીક જગે કુસંપે તેવા લાગા છે નહી. આવા પ્રકાર માટે ખેદ ઉપજે છે.—દયાળુ ભાઇઓએ વ્યાપાર ઉપર લાગાથી તેમજ અમુક વાર્ષીક મદદ ચાલુ આપી—પુન્ય ઉપાર્જન કરવું જોઇએ.

લોકો પોતાની પેઢીમાં જમે કરી રાખે છે અને તે વધુ રકમ થતાં મજરે આપતાં જીવ ચાલતો નથી અને નાહક પાપી બને છે.

જૈનોમાં શ્રાવક, શ્રાવિકા, સાધુ, સાધ્વી, જ્ઞાન, ચૈત્યો અને પ્રતિમા એમ સાત ક્ષેત્રે દ્રવ્ય વાપરવાનો મુખ્ય અને આગળપડતો નિયમ છે. પણ અગાઉના કાળમાં જ્યારે જૈનોની જાહોજલાલી પ્રકાશમાન હતી ત્યારે આ સાતે ક્ષેત્રો દ્રવ્યથી ભરપુર હતાં. એ અવસરે એ વખતના શ્રાવક વર્ગે પશુ, પક્ષી, આદિ જીવદયાના કાર્યમાં પોતાના ધનનો વ્યય કરવા માંડેલ અને એ અવસરે "પાંજરાપોળો" સ્થાપેલ એમ અનુમાન થાય છે. માણુસો તો સુખી હતાં એટલે તેઓને તો દાન ગ્રહણ કરવાની બીલકુલ હાજતજ નહોતી. એટલે એ વખતે કુતરાં જેવાં અવાચક બીજાં ઘણીયાતાં પશુઓને રોટલા, તથા પારેવાં અને બીજાં પખીડાંને ચણુ નાખવાનો બંદોબસ્ત કરેલ, માંદાં પશુઓના રક્ષણ સારૂ ખોડાં ઢોરખાતાં સ્થાપેલ. બકરાંઓને બચાવવા સારૂ તેને પાંજરાપોળેમાં રાખી દુધ પાવામાં આવતું હતું, અને એવી રીતે જમાનાને અનુકૂળ જીવદયાના કામો પાંજરાપોળોએ ચાલુ રાખ્યાં છે. જૈનો જીવદયાના સ્તંભ જીવદયા પ્રતીપાળ અને લોક સમુદાયમાં "મહાજન"ના રૂડા નામે ઓળખાય છે. એટલુંજ નહીં પણ આ ભલાં કામને લીધે સર્વે પ્રજા જૈનોનું માન રાખે છે. તેઓ જે "પાંજરાપોળો"નો વહીવટ કરે છે, તે માટે ભારે વિશ્વાસની મીઠી નજરથી જુવે છે.

જૈનો સુક્ષ્મ અને બાદર જીવોનું રક્ષણ કરવાને ઇચ્છે છે. ત્રસ જીવ હોય, સ્થાવર હોય, એકેંદ્રિય, બેરેંદ્રિય, તેરેંદ્રિય, ચૌરેંદ્રિય કે પંચેંદ્રિય હોય, સંજ્ઞી હોય અથવા અસંજ્ઞી હોય. સ્ત્રીરૂપે, પુરૂષરૂપે અથવા નપુંશકરૂપે હોય, ભલે દેવતા, મનુષ્ય, નારકી અને તિર્યંચની ગતીનો હોય. એ જીવ અપર્યાપ્તા અથવા પર્યાપ્તા એટલે એ જીવને જે પર્યાપ્તી થવી જોઇએ તે થઇ હોય કીંવા ન થઇ હોય એટલે એ જીવોની ગમે તે સ્થિતિ હોય. એ જીવ પૃથ્વીકાય, અપકાય, વાયુકાય, તેઉકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય હોય એમ ગમે તે વર્ગનો હોય તોપણુ તેમનું રક્ષણ કરવાને જૈનો પોતાની ફરજ વિચારે છે. તેઓની હિંસા થતાં દુઃખ પામે છે. અને એ જીવો તરફ મૈત્રી ભાવથી, પ્રમોદ ભાવથી, કરૂણા અને મધ્યસ્થ ભાવથી વર્ત્તવાને ઉત્સુક હોય છે, જેને લીધે એ પાંજરાપોળોની હૈયાતી ટકી રહી છે.

ઘણી જગોએ શ્વેતામ્બર,—મૂર્ત્તિપુજક અને સ્થાનકવાસી જૈનો વચ્ચે ઝગડા ઉઠે છે. પણ એ બન્ને વર્ગ "પાંજરાપોળ"ના કાર્યમાં એક થઇ શકે છે. ખુદ વઢવાણ શહેરમાં સુલેહસંપનું પ્રબળ સાધન પાંજરા-પોળનાં કાર્ય સંબંધે ઐક્યતનું બંધારણ ભારે કાર્ય બજાવે છે. બન્ને પક્ષ સમજે છે કે નાત, જાત કે ધર્મભેદની તકરારો ઉઠતાં રખે પાંજરાપોળને

ખલેલ લાગે! આ દેહસત અને પાંજરાપોળ સંબંધીનું ઐક્ય ભારે રૂડી અસર ઉપજાવે છે. માત્ર પેથાપુર, અમરેલી આદિ સ્થળોમાં પાંજરાપોળો સંબંધે ત્યાંના કાર્યવાહકો કાંઇક અંશે પ્રમાદ ધરાવે છે. અને એ ભલાં ખાતાંને રૂષ્ટી પુષ્ટી મળવી જોઇએ, તેને બદલે તેમાં મંદતાનો વાસ કરાવવાનો વખત જોવા બેઠા છે એ કેવું શોકપ્રદ છે?

બેશક નવા જમાનાવાળા પાંજરાપોળો માટે અવારનવાર પોતાનો જડવાદ કર્યા વિના રહેતા નથી* તેઓએ વિચારવું જોઇએ કે અમે જે સૂચનાઓ કરીએ છીએ તેનો અમલ કરવા જોગ નાણું છે કે? જો નાણું નથી તો નાણું શી રીતે ઉભાં કરવાં એ વિચારવી બીના છે. નાણું ઉભાં કરવાની વાતો અને પદ્ધતિઓ રજુ કરવી સહેલી છે, પણ તેનો અમલ કરાવવાને એ સૂચના કરનાર ભાઇ સાહેબ તૈયાર છે કે? જો તૈયાર છે તો શું કામ તે પોતે પોતાની પદ્ધતિનો અમલ કરાવવા બહાર નથી આવતો? ખરી વાત તો એ છે કે "વખ ખાવું અને વખ કેળવવું મૂશ્કેલ છે." આ કાંઇ વાતો કરવા જેવું નથી. ઉજળું એટલું દૂધ નથી જોવાનું. આપણી સ્થિતિ જૂઓ, આપણે કેવા ભયંકર વખતમાંથી પસાર થઇએ છીએ તે જૂઓ. સુધારા વધારા કરવાની વાત તો ખીંટીએ પડી, પણ જે છે તે તો જાળવી રાખો. પાંજરાપોળોના કર વસુલ આપતાં કેવી ટાઢ છુટે છે તે તો જુઓ? સૂચના કરવા પહેલાં ચાલતા વહીવટમાં મુંગે મોઢે કામ કરો! જો કામ કરશો તો કીમત થશે અને તમારી સૂચનાઓ વજનદાર બની તેનાં સારાં ફળ આવશે. થોડીક ખામીઓને લઇ આખું કાર્ય નિર્માલ્ય ન ગણાય! પટપટારો જો આખાં કાર્યને નુકશાન કરે તેમ જણાય તો પટપટારો અને લખલખાટ તુરતજ બાજુએ મૂકી દેવો ઘટીત છે.

જૈન ભાઇઓએ બીજી કોમો પાંજરાપોળનાં કામમાં ભેળાય એ મુદ્દો બહુજ સારી રીતે લક્ષમાં રાખવો ઘટીત છે.× જો કોઇ કોમ એમાં

* સૂચના કરનારા કદાચ કામ કરવા જેવી અનુકૂળતામાં ન હોય તેથી તે જડવાદ કરે છે તેમ કહેવું તે ખોટું છે—કંઈ પણ કરે તે પ્રશંસનીય છે-પણ વહીવટકરતાઓ સારી સૂચના ઉપર ધ્યાન ન આપે, શું સત્ય છે તે વીચારે પણ નહી-સલાહ લેવાની દરકાર પણ કરે નહી, તેવાઓ જડવાદ કરે છે એમ કહેવું વ્યાજબી જણાય છે- સુધારાઓ વીચારપુર્વક શાન્તીથી કરવા જોઇએ છે.

× મુંબઇની પાંજરાપોળની કમીટીમાં પારસી અને બીજા ભાઇઓ છે તે રીતે બધે થવું લાભદાઇ છે. બેશક-તેઓ પ્રાણી પ્રત્યે દયા રાખવાની ફરજ સમજતા હોવા જોઇએ—વેજીટેરીયન હોવા જોઇએ.

ભાગ લેતી થાય તેમ હોય તો તમારા સઘળા પ્રકારના મતભેદો દૂર કરશો. માત્ર મૂળ પાંજરાપોળને રૂષ્ટીપુષ્ટી મળવી જોઇએ, આ સિદ્ધાંત કાયમ રાખશો. પાંજરાપોળમાં ભાગ લેવા આવનાર દરેક સદ્‌ગૃહસ્થે મમત્વનો ત્યાગ કરવો. રહેતાં રહેતાં કાર્યો કરવાને ન ખૂટે એટલી ધીરજ રાખશો. દૂરાચાર રાખતા નહીં. તેમ તમે ઇચ્છેલ વ્યાજબી વાતનો અમલ કરાવવા સારૂ ખંત, ધીરજ, અભ્યાસ અને અવકાશ જારી રાખશો. આ સદ્‌ગુણ તમારામાં વસતો હશે તો ફતેહ થવી કાંઇ મૂસ્કેલ નથી. આવાં કાર્યોમાં ઇર્ષા રહેવી ન જોઇએ. હરીફાઇ રહે તો એવી રાખવી કે હું બીજા કરતાં વધારે હાજરી આપીશ. બીજા કામ કરવામાં જે મહેનત કરે છે તે કરતાં વધારે મહેનત કરીશ. બીજા જે ફંડ ભેગું કરે છે તે કરતાં હું વધારે ફંડ ભેગું કરી લાવીશ. બીજાઓ જે ફંડમાં રકમ આપે છે તેથી પણ હું વધારે રકમ આપીશ. બીજાઓ જે નિર્માની વૃતી રાખે છે, તેથી હું વધારે સાદાઇ, ભલમનસાઇ અને નિર્માનીપણું રાખીશ. બીજાઓ જે આગળ વધ્યા છે તેઓને આગળ વધતાં કેટલાં બધાં વર્ષ લાગ્યાં છે? એ બધી બાબતો ધ્યાનમાં રાખી રૂડી મકસદથી કામ કરવામાં આવે તો તેનું રૂડું ફળ મળેજ. આપણો જૈન વર્ગ ઘટતાં ઘટતાં માત્ર પંદર લાખની સંખ્યાએ આવ્યો છે. તેમાં ત્રણ મોટા ભેદ છે. નાના ભેદો તો ઘણાએ હશે, છતાં આપણે જો સારા હેતુથી કામ કરીએ છીએ તો આપણું પાંજરાપોળો સંબંધનું કામ જીવતું, જાગતું અને સાર્વજનીક હિતદર્શક નમુનેદાર કામ છે. એ વહીવટ કરનાર પુરૂષો બીજાં જો સાર્વજનીક કાર્યો કરવામાં તતપરતા રાખે તો ત્યાં પણ દીપી નીકળ્યા વિના રહે નહીં.*

જે જે જગોએ પાંજરાપોળનાં કાર્યોમાં આપણા જૈન વર્ગ સાથે બીજી જ્ઞાતીના અથવા ધર્મના ગૃહસ્થો જોડાયા છે ત્યાં ત્યાં વહીવટ નિર્વિઘ્ને ચાલી શકે છે. એટલે બીજી કોમોને તેમાં દાખલ થવાને હરકત જેવું નથી. તેમ દાખલ કરનારને કાંઇ અડચણ જેવું નથી. મેદાનમાં પડેલ દયારૂપી સાર્વજનીક હથિઆર મરજી પડે તે વાપરે! ધર્મના કામ પાંગળાં છે. તે ઉપાડી લઇ સંપીસંપીને નરમાશથી કરવાથી પાર પડવાના ઘણા સંભવો છે. આ કાર્ય સંજીવન કરવાથી અથવા જે હૈયાત છે તેમાં જીવનનો શ્વાસ મૂકવાથી તેનાં ઉપયોગી ફળ અવશ્ય હાંસલ થશે.

* જૈનોનું જો કોઈ જીવતું ખાતું હોય તો તે પાંજરાપોળોજ છે, એમ અન્ય જનો અને પરદેશી મુસાફરો કહે છે.

પાંજરાપોળોની વ્યવસ્થા.

પાંજરાપોળમાં સામાન્ય રીતે શું કામ બજાવવામાં આવે છે તથા તેમાં કેવાં પશુ, પક્ષી અને જીવોને રક્ષણ મળે છે, તેમજ આપત્તિકાળે મનુષ્યોને પણ એ ખાતાં ઉપયોગી થાય છે તે વિષે કેટલેક અંશે વર્ણન ઉપર આવી ગયું છે. પણ તેના જે જીવનમય તત્વો છે તે તો તેની વ્યવસ્થા છે. આપણે એ વ્યવસ્થા સંબંધી તપાસ લઇશું. અને એટલા માટે જોઇશું કે તેને અંગે શું શું બાબતો સમાય છે. તે જોઇએ તો (૧) પાંજરાપોળોનો વહીવટ કોણ કરે છે, અને એ વહીવટ કેવી રીતે કરે છે તથા તેમાં કાંઇ સુધારોવધારો કરવા જેવું છે કે? અથવા એ વહીવટ કેવી રીતે કરવો જોઇએ એ વાત મુખ્ય છે (૨) પાંજરાપોળો માટે ખર્ચ જોઇએ તે માટે હાલ કેવી ગોઠવણ છે? શી રીતે ફંડ એકઠું થાય છે? એ ફંડ કયાં રહે છે? અને તેનો શી રીતે ઉપયોગ થાય છે, એ બીજી બીના છે. (૩) પાંજરાપોળો માટે મકાનો કેવાં છે અને તે મકાનો કેવાં જોઇએ. (૪) પાંજરાપોળોમાં શકિતવાળાં જનાવરો રાખીને ડેરી હાઉસ તરીકે તેમાંથી ઉપજ વધારવા જેવું કરવું યોગ્ય છે કે? (૫) પાંજરાપોળોમાં રહેતાં જનાવરોની વૈદક તપાસણી માટે શું વૈદક સહાયતા મળવાની જરૂર છે. (૬) એ પાંજરાપોળોમાં રહેતાં જનાવરો માટે ખોરાક અને પાણી સારૂ રાખવી જોઇતી સંભાળ. (૭) નાનાં બકરાંઓને ઉછેરવા માટે રાખવી જોઇતી સંભાળ તથા તેમના માટે દૂધ વિગેરેની કેવી ગોઠવણ કરવા જરૂર છે? (૮) મનુષ્યો માટે પાંજરાપોળ જેવાં ખાતાં સ્થાપવાની જરૂર છે કે? આવા સામાન્ય રીતે આઠ દિશાના આઠે સવાલો નજર આવે છે અને તે વિષે દિગદર્શન કરીશું. બેશક આવાં ખાતાં માટે ઘણા સવાલો તપાસવા યોગ્ય છે. પરંતુ જયાં આંગણે ઉભા રહેવાની આશા નહીં ત્યાં પટેલને ત્યાં પાણી ઉનાં મૂકવાની આજ્ઞા કરીએ અને એ આજ્ઞા નકામી થઇ પડે તેવી સૂચનાઓ રજુ કરવાને મારી હિંમત થતી નથી.× મુખ્ય સવાલ ફંડનો છે. તે જો જોઇએ તેટલું હોય અથવા થઇ શકે તેમ હોય તો ઇડનના બાગ જેવી બાગે બુલંદ બેહસ્ત સમાન પાંજરાપોળો કરીએ. પણ સસેકું પગજ નહીં (!) એવી વાત છે. દરેક જગાની પાંજરાપોળો ફંડ માટે વકાશીયાં મારે છે અને ઇચ્છે છે કે મોટાં શહેરોમાંથી મદદ મળે તો

× વ્યાજબી વિચારો આજે નહી તો અમુક સમય પછી પણ પ્રવર્તીમાં આવી પ્રશંસનીય થાય છે. માટે પ્રગટ કરવામાં મનને નબળું નહી બનાવવું.

સારૂં! એ વખતે મોટી મોટી વાતો કરીએ અને વામનજી રૂપી આપણું રાક્ષસ સામે હરીફાઇ કરીએ અને એમ કરતાં બેહાલ થઇ જઇએ એવી સૂચનાઓ જનમંડળ પાસે રજુ કરતાં આપણાં રૂવાટાં કમકમી ઉઠે છે. મોટા મોટા મહેલો જોઇને છાપરાં ચુંથી નાખવાં એ કાંઇ પણ અંશે બરાબર નથીજ. ખરી રીત તો એ છે કે તેલ જોવું અને તેલની ધાર જોવી. આપણા વિચારો અનુકૂળ થતા ન હોય તેની ફીકર નથી. પણ આપણા વિચારો અનુકુળ થઇ શકે એવા તો જોઇએ. આ મુદ્દો જાળવીને હું પાંજરાપોળોની વ્યવસ્થા વિષે હવે છુટક છુટક તપાસ રજુ કરીશ. આશા છે કે તે વિષે ઘટતું મનન થશે અને તેની રૂડી અસર યતકિંચિત પણ થશે. જેથી આ નિબંધ લખતાં મને થએલ શ્રમ તેમજ શુભેચ્છક મિત્રમંડળે ઉઠાવેલ શ્રમનું ફળ હાંસલ થશેજ. બની શકે તેટલી હદ સુધી જુની પદ્ધતિને કાયમ રાખવાનો પ્રયત્ન છે તેને કોઇ પણ રીતે ઉખાડી નાખવાનો યત્ન નથી. જે કાંઇ સહેજસાજ સુધારણા છે તે માત્ર પ્રાથમીક પાઠ છે. જો એ પાઠ રૂચીકર થાય અને તે પચે તો પછી આગળ વધવાનો અનુભવ એ શાળા પોતાની મેળેજ વધારે અનુભવ તેમજ શિક્ષણ પુરાં પાડશે. યાદ રાખવું કે કામ કામને શીખવશેજ. સર્વેને સારૂં ગમે છે. અને જો ઐક્યબળ વધે તો સર્વ રીતે પરિણામ સારૂં આવશેજ. ઇમલો ચણવામાં દરેક વ્યક્તિએ પોતાના સામર્થ્ય માફક સામગ્રી પુરી પાડવી. પરંતુ તરખલું તરખલું જૂદું ન કરવું. બહુ મતને હમેશાં માન આપવું. પોતાનો મત ગમે તેવો સત્ય હોય પણ એ સત્યને પ્રગટ થવાની તક આવે ત્યાં સુધી મુલતવી રાખવામાં સાર છે. ઉતાવળના પાળીયા થઇ એક ઘા ને બે કટકા કરવા નહીં. સમય વર્તી તે પ્રમાણેજ વર્તન કરવું. પ્રજાબળની ચકાસણી, પ્રજાબળની વ્યવસ્થા શક્તિ, પ્રજા બળનું ઐક્ય એ બધું જોવાની કસોટીરૂપ આવાં ખાતાં છે. આપણા હાથથી કોલેજો, હુન્નરશાળાઓ, પશુશાળાઓ, દવાશાળાઓ, ધર્મશાળાઓ, અનાથાશ્રમો, ગુરૂકુળો, બોર્ડીંગો, ધાર્મીક કેળવણી ખાતાં અને એવાં સાર્વજનીક ખાતાં સારા પાયા ઉપર ચાલતાં હોય. એ ખાતાંઓમાં આપણું ઐક્યબળ ટકી રહેતું હોય તો સરકારી અમલદારો એ ઉપરથી આપણી લાયકાતની તારીફ કર્યાં વિના રહે નહીં. એવી રીતે જો આપણાં સાર્વજનીક કાર્યો આપણી પ્રસંશા કરાવવા શક્તિવાન થાય તો તુરતજ ગ્રામ્ય પંચાયતોના હકો મળે! જો એક બાજુ ફતેહ મળે તો બીજી બાજુ ફતેહ એની મેળેજ હાંસલ થશે. પનોતો પુત્ર પોતાના ઘરમાં અને બાહેર બન્ને જગોએ માનીતો થઇ શકે!

મ્યુનીસીપાલ સ્થાનીક સ્વરાજ્ય, નેશનલ કોંગ્રેસ, સોશીયલ કોનફરન્સ, મહીલા પરીષદ્, ધાર્મીક કોનફરન્સ, ઉદ્યોગ હુન્નરનું પ્રદર્શન, ખેતીવાડીનું પ્રદર્શન, રમતગમતના મેળાવડા, ગવર્નમેન્ટ કાઉન્સીલો વગેરેમાં આપણા પ્રતિનીધીઓની હાજરી એ બધાં, તથા આપણો મીલ ઉદ્યોગ અને બીજાં કારખાનાં કે જે જોઇન્ટ સ્ટોક કમ્પનીનાં ધોરણથી ચાલે છે એ બધાં, ઉત્તમ વ્યવસ્થાથી કાર્ય બજાવે છે, જેને પરિણામે આપણે વિશેષ હક માગવાને સશકત થયા છીએ. ગવર્નમેંટ પણ આપણો જુસ્સો સમજી ગએલ છે અને આપણી લાયકાતના પ્રમાણમાં અવશ્ય કાંઇક હકો સંપાદન થયા વિના રહેશે નહીં. આ બધી આડકત્રી દિશાઓનો વિચાર કરી સાર્વજનીક કાર્યમાં ભાગ લેવાને મારા દેશબંધુઓને આમંત્રણ અને આગ્રહ છે. ઘરડો ઘોડો વાનપ્રસ્થાશ્રમ ભોગવવાને પાંજરાપોળમાં મૂકાય છે. એટલે ઘરડાને માટે વાનપ્રસ્થાશ્રમ ગ્રાહ્ય છે. એ મુજબ આપણા ભાઇઓ વૃદ્ધાવસ્થાએ પહોંચતાં સંસારિક જંજાળ છોડી દઇ પાંજરાપોળ જેવાં અનાથ ખાતાંઓ કેળવવામાં ભાગ લે તો કેવું સારૂં? સરકારી નોકરોને પંચાવન વર્ષની ઉમ્મરે નોકરી ઉપરથી ફારેગ થવાને ફરજ પાડવામાં આવે છે. એવા વૃદ્ધ નોકરો કે જેને સરકારી ખાતાંઓનો બહોળો અનુભવ હોય છે, એ અનુભવનો લાભ પાંજરાપોળો જેવાં ખાતાંને આપવાને એ ભાઇઓ લક્ષમાં લે તો કેવું સારૂં? આપણા કેળવાએલા બંધુઓ જો આવાં ખાતાંઓ સંભાળવા સારૂ તેમાં અનુભવ મેળવે અને રફતે રફતે પોતાના જ્ઞાન અને અનુભવનો લાભ આપે તો કેવું સારૂં? આપણા ઉપદેશકો–લેખકો–અનુભવીઓ–કાર્યકુશળ–પુરૂષો હો કિંવા શ્રીમંત હો! ગમે તે સ્થિતિએ હો પણ જો તે, આવાં ખાતાંમાં કામકાજ કરવાને જોડાય તો તેમને જોડાવાને એક અંશ પણ પ્રતિબંધ નથી. સાર્વજનીક ખાતાંઓ તો કામ કરવૈયા માણસો મેળવવાને ભારે ઉત્સુકતા બતાવે છે. કામને ઉપયોગી થઇ શકે એવા માણસો માટે મનુષ્યો તૃષાતુર બપૈયો જેમ મેહની રાહ જુવે છે તેમ હમેશાં વાટજ જોવાય છે. માત્ર ટાપટીપીઆ અને ધામધૂમીઆ ખટપટીઓનું ત્યાં કામ નથી. ખાલી પટપટારો કરવો અને કામને ઉપયોગી ન થવું એ કાંઇ કામનું નથી. એવી રીતે કાર્ય કરવા ઇચ્છનાર તો સામા બોજારૂપ થઇ પડે. લોકો તેમની કદર પણ ન કરે અને એ ભાઇસાહેબોને કંટાળો ઉપજ્યા વિના રહે નહીં.

આપણો શ્રીમંત વર્ગ જે શેઠીઆઓનો છે તેમના ઉપર કેવા કેવા બોજા છે તેનો જરા વિચાર કરો. ધાર્મીક ખાતાં, તિર્થ સ્થળો, પાંજરાપોળો,

સરકારી દરબારી ખાતાંઓ, કંપનીઓ અને ગરીબ ગુરબાંની અરજો એટલાં તો ઓછાંમાં ઓછાં સંભાળવાનાં છે. મહાજન, નાત અને પંચાયતોમાં ભાગ લેવાનો એ તો વિશેષમાં છે. પોતાના વેપાર રોજગારની જંજાળ, કુટુંબકબીલાની જંજાળ અને પારકી જંજાળો એમ ઘણાં ખાતાંઓ સંભાળવાનાં છે. અમે જે આ ઉપર જણાવ્યાં તે ઉપરાંત મોટાં મોટાં કામો છે અને તે તો પાશેરામાં પહેલી પૂણીજેવી વાત છે. આવાં ઘણાં કાર્યોના બોજામાંથી કોઇ જો તેમને રાહત આપે, કોઇ જો તેમનાં કામની સહેલાઇ કરી આપે તો એ શેઠ સાહેબો તમને પોતાની સાથે સામેલ કરવાને જરા પણ પછાત પડશે નહીં. કામ કરીને સૌની ખાત્રી કરો. વાતો અને ગપાટા મારવાનો વખત નથી. કામોથી તે હમેશાં વહાલો થશે. દુઝણી ભેંસની પાટુએ સારી. બાકી કામકાજ કરવાં નહીં અને મફતની સુચનાઓ કરી કામ વધારી આપવાં એ તો આવાં ગરીબ–પામર ખાતાંઓને પોસાય નહીં તેવી વાતો છે. હું પ્રમાણીક રીતે મારી તપાસના પરિણામે એકરાર કરૂં છું કે કામ કરનારા, કામ કરીને અનુભવ રચનારા અને રજુ કરનારા અંતઃકરણથી કાર્યને ચાહનારા પુરૂષોનો તોટો છે. આકાશના ચંદ્રની, સોનાની ચલીની અને બાગે બેહસ્તની વાતો કરનારા ઘણા છે. એવા વાતો કરનારા ભાઇસાહેબોને મારી નમ્ર અરજ છે કે કામ કરો. કામ કરી કામની ગોઠવણુની મૂસ્કેલીઓ વિચારો. એકદમ ઉતાવળ ન કરો. 'ઉતાવળા સો બાવરા, ધીરાસો ગંભીર' એ કહેણીને સ્મરણમાં રાખો. ફરતાં ચક્રને નિહાળો એ ચક્રના દાંતા તમારા લાભો પણ સમીપ લાવી આપશે. એક દિવસ તમારી સુચનાઓનો થતો અમલ જોઇ તમે રાજી થશો. કામ કરો. યત્નથી બધું થઇ શકશે. વખત તમારી મદદે આવશે. થોડા સમયમાં પવન તમારી તરફ વાવા લાગશે. પ્રતિકૂળતાઓ સાનુકૂળ થશે. અનુકૂળતાઓ વધશે. એ બધું થવાને પોચો પંડવા દો. ઉતાવળ ન કરો. થોડીક ખરાબીઓ અને નાઉમેદીઓ કાંઇ કાર્યને નષ્ટ કરવારૂપ થઇ પડવી ન જોઇએ. પગે ગુમડું થતાં એ પગ કાપી ન નખાય. વહુ દીકરી કલંકીત થતાં તુરતજ તેને કાઢી ન મૂકાય. પુત્ર કપુત્ર થતાં તેનો નાશ નથી કરાતો. એ માફક આપણા તાબામાં આવેલ ખાતાં ને આપણાં છોરૂરૂપ સમજીને તેની અભીવૃદ્ધી માતાપિતા તરીકે જેમ થાય એમ કરવાને ઉત્સુકતા રાખવા મારો દૃઢ આગ્રહ છે. અને મને ખાત્રી છે કે તમે જે આવી સેવાઓ બજાવશો તેની સુગંધનો ફુવારો ફુટીને પોતાની સુવાસ ઉપર ફેરા એકદમ મોકલાવશે. તમને સંતોષ અને સારી દુવાઓનો લાભ મળવા ઉપરાંત નાતમાં, જાતમાં, સ્વધર્મી બંધુઓમાં અને સર્વે સ્થળે તમારી હા-

જરી ઇચ્છવામાં આવશે. મારા દેશ બંધુઓ! જે નાનીશી કોટડીને શોભાવી શકે છે તે મોટા ઉદ્યાન અને મહેલને શોભાવી શકે છે. મારા સ્વામી ભાઇઓ! કામ કરો, ઉપયોગી થાઓ અને હળી મળી ઐકયતાથી આગળ વધો. કામ ઉભું કરી પાર પાડવાને તન, મન, ધનથી ચાહો. કામ પડી ભાગે એવું કાંઇ પણ કાર્ય કરશો નહીં. તમારી હાજરીથી કામને લેશ માત્ર ખલલ પહોંચે તો તે કેવું ખોટું છે એનો વિચાર કરજો. એ ભ્રાંતીને ત્યાગ કરવા જેવી નથીજ. આજે એકત્ર પ્રજા કરવાનો વખત છે. ત્રાગડા તોડી નાખવાનો વખત નથી. પાંજરાપોળોનો વહીવટ એકલવાયો પડી ગયો છે. એ વહીવટ મારા જૈનબીરાદરોની જોખમદારી ઉપર ટકી રહ્યો છે. એ જોખમદારીમાં બને તેટલો ભાગ પારસીઓ, મુસલમાનો, હિંદુઓ અને ક્રિશ્ચિયનો ઉપાડી લે તો કેવું સારૂં! દુઃખી પશુ, પ્રાણીઓ અને પંખીઓને બચાવવાને સર્વેનાં શાસ્ત્રો એકસરખી રીતે પ્રેરે છે. આ મારી અપીલ, આ મારી અરજી, પંચરંગી પ્રજાની તરફ છે. એ સર્વે ભાઇઓ પાંજરાપોળ જેવાં ખાતાંમાં જોડાય અને હળી મળીને કાર્ય બજાવે તો હું તેને વિવાહથી પણ અધિક માન્યાવિના ન રહું. મને ખાત્રી છે અને આશા છે કે આપણે હિંદમાં વસતા તમામ ભાઇઓ થોડી છુટછાટ મૂકીને થોડાક મતભેદોને બાજુએ રાખીને અવશ્ય પાંજરાપોળ જેવાં સાર્વજનીક ખાતાંઓમાં હળીમળી જોડાઇને કામ કરીશું. એ વાત શકય છે. મુંબાઇની લેડી સાકરબાઇ પાંજરાપોળના વહીવટમાં આપણે સર્વે જોડાઇને ભારે સંતોષથી કાર્ય બજાવી શકીએ છીએ. અને એ નમુનો તથા ધોરણ બીજી જગોએ ધ્યાનમાં લઇ સંપૂર્ણ અથવા અનુકૂળ ફેરફાર કરીને દાખલ કરવામાં આવે તો ઘણે દરજજે ઉપયોગી થઇ શકશેજ એમ મારી તો ખાત્રી છે. કારણકે મુંબાઇ એ કેળવાએલ લોકોથી ભરપૂર શહેર છે. મુંબાઇ કે જ્યાંની પ્રજા ધૃષ્ટ દીસે કાંઇ આપણા કરતાં વિશેષ અંશે સાર્વજનીક કાર્યોમાં ભાગ લે છે અને જેઓએ છણીને અનુકૂળ ધોરણ રચેલ છે. તે ધોરણ આપણા બાબમાં બહુજ ઉપયોગી થશે. મોટા પુરૂષોની ગતિએ ચાલવાને નીતિ ભલામણ કરે છે અને નકલ કરવામાં ઝાઝી અક્કલ ખરચવી પડે તેમ નથી. બની શકે ત્યાં સુધી મોટાં શહેરોની નકલ નાનાં શહેરો અને ગામડાંએ કરવાને ઉત્સાહ રાખવો જોઇએ. પછી સંપૂર્ણ નકલ થઇ શકે નહીં તો ફીકર નથી. ફેરફાર કરીને જેમ સાનુકૂળ થાય તેમ નકલ કરી પોતાના હસ્તકો સાર્વજનીક કારભાર વધારવો એમાં ડહાપણ અને દૂરઅંદેશી છે. તુટતાંને તોડી પાડવામાં ડહાપણ નથી.

તુટતાંને સાંધી દેવામાં ડહાપણ છે. વિગ્રહમાં ફતેહ મેળવવા કરતાં વિગ્રહને અંતે સંધી કરનારમાં વધુ ડહાપણ અને દૂરઅંદેશી જોઇએ છીએ. મારા દેશ બંધુઓ, વિગ્રહથી પાછા ખસો અને સંધી કરવામાં સાવધાન થાઓ. પાંજરાપોળ જેવાં ખાતાંઓ ઉભાં કરવામાજ અને નભાવવામાં તમારા ડહાપણનો અતુલ લાભ દેશને આપો. અતુલ નહીં તો તણુખલાં ભાર પણ લાભ આપો. તનથી બને તો તનની મદદ આપો. મનથી બને તો મનની મદદ આપો અને ધનથી બને તેટલી ધનની મદદ આપો. પણ મુંગાં જનાવરોને અવશ્ય તમારી શકિત અને સામર્થ્યનો લાભ આપવાને પશ્ચાત પડશો નહીં. આ મારી કાકલુદીભરેલી અરજ છે.

(૧) પાંજરાપોળોનો વહીવટ શી રીતે થાય છે?

પાંજરાપોળોનો વહીવટ મુંબઇ શહેરમાં પંચરંગી પ્રજાએ નીમેલ કમીટી ચલાવે છે. ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં મહાજન મંડળ એ સંબંધીનો વહીવટ કરે છે. અને એ મહાજન મંડળમાં જૈનો તેમજ બીજા વાણીયા વેપારીઓ કેટલીક જગોએ જોડાયેલ હોય છે, અને કેટલીક જગોએ માત્ર જૈન ધર્મીઓજ વહીવટ કરે છે. વળી કેટલીક જગોએ જૈન મૂર્ત્તિપૂજકો અને સ્થાનકવાસી જૈનો મળીને વહીવટ કરે છે. અને કોઇક જગોએ એ બન્ને પૈકી જેનું પ્રમાણ વધારે હોય છે તે જૈન વર્ગ વહીવટ કરે છે.

સામાન્ય મહાજન મંડળમાં વિશેષ કરીને જથાવાર ગૃહસ્થો હોય છે, શ્રીમંત ગૃહસ્થો હોય છે, અને જેને ત્યાં અગાઉ સારાં ટાણાં અવસર ગયા હોય તેઓ અથવા તેમના વારસો અને શહેરમાં ડહાપણદાર ગણાતા ગૃહસ્થો આગેવાન તરીકે કામ કરે છે. આ એક મુંગી ચુંટણી જેવું તો છેજ. જેના તરફ લોકલાગણી ન હોય અથવા જેનાથી લોકલાગણી તદન વિરૂદ્ધ હોય એવા ગૃહસ્થો મહાજન મંડળમાં અગ્રેસર ગણાતા નથી. આ મંડળમાં પ્રમુખ, સેક્રેટરીઓ, ખજાનચીઓ વિગેરે હોદાઓ મુકરર કરેલ હોતા નથી. બધા પસંદ કરે ત્યાં શીલીક રહે છે. અથવા પાંજરાપોળની દુકાને શીલીક રહે છે. કામકાજના પ્રોગ્રામ થતા નથી. પણ કામ વખતે બધા ભેગા થઇ વાતચીતના રૂપમાં હકીકત રજુ થતાં તેનો નિર્ણય કરે છે. પાંજરાપોળ સંબંધી અથવા ગ્નાતી સંબંધી કોઇએ કાંઇ ગુન્હો કરેલ હોય, ત્યારે મહાજન ભેગું થઇ તેનો ઇનસાફ કરે છે. મહાજન મંડળ માટે કામકાજ કેવી રીતે કરવું તેની પદ્ધતિના કાયદા નથી. પરંતુ નાતમાં થતાં લગ્નો—વિવાહ—સવેલાં—જીવરક્ષા આદીના સંબંધમાં બંધાયેલ

ધારાઓ ઘણી જગોએ છે અને તેને અનુસરીનેજ કામકાજ આટોપવામાં આવે છે. વખતના વહેવા સાથ કામકાજ વધારે સરળતાથી કરવા માટે કમીટીઓ નીમવાનું ધારણ ચાલતું થયું છે. લીંબડી શહેરની પાંજરાપોળનો વહીવટ મૂર્તિપૂજક અને સ્થાનકવાસી શ્રાવકમાંથી ઉભી થયેલ કમીટી કરે છે. જ્યાં ખાસ કમીટી હોતી નથી ત્યાં મહાજન મંડળ કામ કરે છે. મહાજન મંડળમાં ઘણી ખરી રીતે પચીસ શેઠીઆઓનો સમુદાય હોય છે. કોઇકજ જગોએ પચાસ અથવા તેથી વધારે શેઠીઆઓ હોય છે. એ શેઠીઆઓ પોતાને સુપ્રત થયેલ કામની જોખમદારી સમજે છે, કાર્ય કુશળ હોય છે અને જરૂર પડે છે તો ડાહ્યા માણસો અથવા વકીલોની સલાહ લે છે. એટલુંજ નહીં પણ પ્રસંગને અનુસરી અગત્યના ગૃહસ્થોને બોલાવી પોતાની સાથે સામેલ રાખે છે. જવાબદારોના જવાબ લે છે. ફરીયાદી અને જવાબદારનો પુરાવો પણ તપાસે છે. ઠરાવ મોઢેથી કરે છે અને કેટલાક ખાસ પ્રસંગોએ ઠરાવ લખે પણ છે. વખતને અનુસરી હિસાબ-પ્રોસીડીંગ અને પત્રવ્યવહારની નોંધ પણ રાખે છે. આ મહાજન મંડળમાં રીતસર પ્રમુખ ચુંટવાનો રીવાજ નથી. પરંતુ જે ડહાપણદાર, સમજુ અને મોભાદાર હોય છે, તે પ્રમુખ તરીકેજ મનાય છે. તેનું કરેલ કોઇ ચેહેરતું નથી. તેનું માન જાળવવામાં આવે છે. સઘળું કામ સભ્યતાથી રીતસર થાય છે. તેમાં કદી ગેરકાયદાસર મંડળ જેવી ગરમાગરમ તકરાર ઉઠતી નથી. અને ઉઠે છે તો તે સમાઇ જાય છે. ઘણીખરી રીતે તો એક રીતસર સ્થાપન થયેલ મંડળ કામ કરે તે રીતેજ કામ કરવામાં આવે છે. અને જો બહુજ તકરાર વધી પડે છે અને ઝાળ ઝપાતી નથી તો એ વખતે કામ મુલતવી રાખી સભા બરખાસ્ત કરવામાં આવે છે અને એ કામ બીજા અવસરે હાથ ધરવામાં આવે છે; પણ આ મંડળ માટે ચુંટણીનું ધારણ × દાખલ થાય તોપણ ખરેખાત એજ અગ્રેસરો ચુંટાઇને બહાર આવવા સંભવ રહે છે. ચુંટવાને લાયક હોય છે એવો કોઇ ગૃહસ્થ મહાજન મંડળમાં જોડાવાને ઇચ્છે તો તેને ઘણી ખુશીથી સામેલ કરવામાં આવે છે. આ મહાજન મંડળની મીટીંગ ઘણીખરી વખતે તો ખાનગી

× પ્રમુખ, ઉપ-પ્રમુખ, સેક્રેટરી, ખજાનચી, ઓડીટરો, કમીટી વગેરેની નીમણુંક દર વર્ષે અવશ્ય થવી જોઈએ-થયેલ કામકાજની નોંધ, પ્રોસીડીંગ અને પત્ર વ્યવહારની નોંધ રાખવી તથા ટ્રસ્ટ ડીડ-ફંડ રજીસ્ટર કરવું-આદી કામ જેટલું નિયમપૂર્વક કરવામાં આવશે તેમાં સરળતા બહુ છે તથા કાયદાસર હોવાથી લેણદેણ વસુલ કરવામાં ફાયદાકારક છે. ધર્માદા ખાતાંઓ અને ખુદ મહાજન કે શ્રીસંઘની પણ આવા પ્રકારની વ્યવસ્થા થવી સંપૂર્ણ લાભદાઇ છે.

મીટીંગ હોતી નથી. તેમાં સર્વને જવાની છુટ છે. એટલુંજ નહી પણ જનાર ગૃહસ્થ જો પોતાનો મત જાહેર કરે તો તે પણ સાંભળવામાં આવે છે અને વિચારમાં લેવામાં આવે છે. એ મહાજન મંડળના શેઠીઆઓ મોટા શહેરોમાં જાય છે ત્યારે ત્યાંનાં ધોરણો જોતા આવે છે અને રફતે રફતે પોતાના મંડળમાં એ સુધારાઓ દાખલ કરાવે છે.

ભારતવર્ષના મુંબાઇ ઇલાકામાંજ પાંજરાપોળો છે અને વિશેષ કરીને ગુજરાત, કચ્છ, કાઠિયાવાડમાં છે, જેની સંખ્યા સોની તો પુરી હોય એમ નથી. વાર્ષીક આવક છસો કરતાં ઓછી હોય તેને ગણતરીમાં લેવામાં આવી નથી અને એ કરતાં વિશેષ આવકવાળી પાંજરાપોળની સંખ્યા સોની અંદરજ છે. મુંબાઇ અને અમદાવાદ સિવાયની પાંજરાપોળો જોઇએ તો ભાગ્યેજ એકાદ બે પાંજરાપોળો એવી છે કે જેની વાર્ષીક આવક પંદર હજાર રૂપીઆ કરતાં વધુ હશે. બાકી ઘણીખરી જગોએ માંડ માંડ કરીને વર્ષે બે ચાર હજાર રૂપીઆની ઉપજ હોય છે,—અને ખર્ચ પણ તેટલુંજ હોય છે.

મહાજન મંડળ જે પાંજરાપોળનો વહીવટ કરે છે તે તદ્દન ચોખ્ખો હોય છે, એમાં જરા જેટલો પણ શક રાખવા જેવું નથી. "**ખોડાં ઢોરનું ખાશે તેનું સત્યાનાશ જાશે.**" એવી દરેકને ચોંપ હોય છે. તથા એ ખાતામાં નોકરી કરનાર માણસો મળતાં નથી. માણસોની પણ એવી માન્યતા છે કે જો ખોડાં ઢોરના પૈસામાં જાણ્યે અજાણ્યે કંઇ ભુલ થઇ જાય તો મહા દોષ આવી પડે. એવાં કારણો હોઇને હિસાબ પણ ચોખ્ખો રહે છે. ભાવનગર, લીંબડી આદિ કેટલાંક સ્થળોએ તો એ હિસાબ દર વર્ષે છપાઇને બહાર પડે છે. આ રીત બહુજ સારી છે. આશા રાખીએ છીએ કે રફતે રફતે તમામ જગોએ આ હિસાબો બહાર પાડવાની રીત થઇ જશે.*

મહાજન મંડળ જો આવી રીતે છાપીને હિસાબ બહાર પાડવાનું ખર્ચાળુ સમજે તો તેમણે પોતાનું સરવૈયું વર્ષ આખરે પાંજરાપોળના દરવાજે અથવા મહાજનની દુકાનને બારણે લખીને ચોડી દેવાથી ખર્ચ નહી થશે; અને ચોખાઇ રહેશે, તેમજ કોઇને કાંઇ બોલવા જેવું રહેશે નહીં. મહાજન મંડળ પાંજરાપોળના ખાતા માટે વાર્ષીક બજેટ કરવાનો રિવાજ

---

* હીસાબ બહાર પાડવા એ—સંસ્થાઓનું આયુષ વધારનારૂં, વહીવટકરતાઓની પ્રતિષ્ઠા જાળવનારૂં મુખ્ય સાધન છે. વીજાપુર, માંગરોળ આદીના થોડાં વર્ષોથી હીસાબ બહાર પડે છે તેમ દરેક માટે થવું જોઇએ—૫—૭—૧૦ વર્ષે બહાર પડે તે પણ ઠીક નથી દર વર્ષે બહાર પડવા જોઇએ.

કરે તો તે બહુજ સ્તુતિપાત્ર છે. ઉપજ કેટલી અને ક્યા ખાતામાંથી કેવી રીતે થશે તેની નોંધનો અડસટો કરવાનો છે. ઉપજ વધે ઘટે તે ઉપરથી ખ્યાલમાં રહેશે અને ખર્ચનું દરેક પાસું ધ્યાનમાં લઇ ખડ ખાતું, કપાસીયા ખાતું, મકાન ખાતું, ખાણુ ખાતું, દવા ખાતું, ગાડા ગડેરા ખાતું, પાંજરા સાણુસા ખાતું, નોકર ખાતું, બોકડાંને દૂધ ખાતું, કૂતરાને રોટલા ખાતું, જીવાત ખાતું, ચોકી ખાતું, આદિ ખાતાં જે જે મથાળાંવાળાં કરવા જોઇએ, તે કરીને તેના ખર્ચનો અડસટો ઉપજના પ્રમાણમાં મુકી તે પોતાની સભામાં મંજુર કરાવી તે મુજબ ચલાવવાનો રીવાજ રખાય તો તેથી ખાતાં ઉપર ચાંપ રહેશે. જો વધારે ખર્ચ જોઇએ તો મંજુરી માગવી અથવા અમૂક ખર્ચ કરવાને પ્રથમથી એવી રકમ ઇલાહીદી મંજુર પણ કરાવી લેવી એટલે ચાલતાં કામને અડચણ નહીં આવે.

મહાજન મંડળમાં પચીસ પચાસ શેઠીઆઓ માથે કામ રહેવાથી કેટલીકવાર પંચાયતનું કામ ખોરંભે પડવા જેવો સંભવ છે ખરો. એટલા માટે વર્ષોવર્ષ એજ ગૃહસ્થોમાંથી થોડાકની કમીટી નીમાય તો તે કમીટી દ્વારે કામ બહુજ સરળતાથી ચાલશે. આવી કમીટી વર્ષોવર્ષ રચાવાની જરૂર છે. અથવા દર વર્ષે વારી પ્રમાણે અમુક મેમ્બરોએ રાજી-નામું આપવા રીવાજ રાખવો અને એ જગાએ એના એ અથવા નવા જેમ અનુકૂળ આવે તેમ મેમ્બરો ચુંટીને દાખલ કરવા. આ રીવાજ પસંદ કરવા જેવો છે. તેથી જવાબદારી મુકરર થશે, કામ કરવાનો ઉમંગ વધશે અને કામ જુના નવું થતુંજ જશે. વળી કામની સરળતા સારૂ બની શકે તો લખેલા નિયમો થવાની જરૂર છે. એ નિયમોથી કાર્ય નિયમીત થશે. ખરેખરી રીતે મહાજન મંડળના શેઠીઆઓની પણ ચુંટણી કરવાનો રીવાજ દાખલ કરવાનો વખત આવી પહોંચ્યો છે. જમાનાને અનુકૂળ થવામાં બહુજ સાર છે. અને એથી કરીને પોતાના કામની કસોટી નીકળે છે. એમાં કાંઇ માન અપમાન જેવું નથી. સારાં કામ કરીને પસં-દગી મેળવવી એથી રૂડું શું હોઇ શકે? યાદ રાખવું કે પ્રજા પણ કાર્ય-કુશળ ઉપયોગી માણસોનેજ પસંદ કરશે; કાંઇ ખબર ઉપરથી લાકડે માંકડાં ભટકાડશે નહીં. આવાં કાર્યો માટે ધીરજથી નિયમો રચવાની જરૂર છે. આ જમાનો ચુંટણીનો અને નિયમો સ્થાપન કરીને તેને અનુસરીને કામ કરવાનો છે.

જ્યાં વહીવટ થોડો હોય છે ત્યાં મુનીમ રાખ્યા વિના કામ કરવામાં આવે છે. અને જ્યાં કામ ઝાઝું હોય છે ત્યાં મુનીમો વિગેરે રાખવામાં

આવે છે. જોઇતાં માણુસોની ગોઠવણુ રહે છે. એ મુનીમો અમૂક શેઠીઆને પૂછી પૂછીને કામ કરે છે; અને કોઇ મોટી બાબત હોય છે તો આખા મંડળને પૂછીને કાર્ય કરે છે. આવાં કામકાજની જો ડાયરી રાખવામાં આવતી હોય તો તેથી ભવિષ્યને માટે તે એક ઉપયોગી સાધન થઇ શકે એવી વાત છે. અને મુનીમો માટે કામ કાજની યાદી રહેવાની જરૂર છે. મહાજનના નોકર થયા એટલે કોઇ ધણી નહીં એવું થવું ન જોઇએ. ખરી રીતે "ધણી વિનાનાં ઢોર સુનાં" જેવું થવું ન જોઇએ એટલા સારૂ આ વહીવટ બહુજ નેકદારીથી રાખવામાં આવે તો તેથી ઘણોજ ફાયદો થશે. ખરેખરી રીતે તો મહાજનના નોકરો બહુ સારી રીતે કામકાજ કરે છે. કારણકે તેમના ઉપરી ઘણા હોય છે. અને તેમને એમ કહેવાય છે કે મહાજનની નોકરીમાં "હરામના રોટલા ન ખવાય." આતો ખોડાં ઢોરનો ટુકડો છે.

(૨) પાંજરાપોળનું ફંડ શી રીતે એકઠું થાય છે ?

પાંજરાપોળો માટે કેટલીક વાર એક ટીપ કરવામાં આવે છે અને તેથી રકમો ભરાય છે; તથા દેશાવરના વેપારીઓમાં એવી ટીપો ભરાવવાને એ પાંજરાપોળના આગેવાન વ્યવસ્થાપકો જાય છે. અને ત્યાંથી રકમો ભરાવી લાવી કરજ થઇ ગયું હોય તો તે ફેડે છે. મકાનો ચણાવવા જરૂર હોય તો તે ચણાવે છે. કેટલાંક શેહેરોમાં પાંજરાપોળો માટે લોટરીઓ કાઢવામાં આવેલ છે. અને એવી લોટરીઓથી ઠરાવ પ્રમાણે બચેલ રકમમાંથી પાંજરાપોળોનો કારોબાર ઉભો થાય છે. પાંજરાપોળોને જૈન વાણીયા તથા કેટલીક નાતોમાં સવેલી કન્યા જતાં—અથવા મહાજન કે ન્યાતનો બંધ તોડતાં જે દંડ લેવાય છે તે આપવામાં આવે છે. જૈન વાણીઆઓ તો લગ્ન પ્રસંગે કેટલાક લાગા ઠરાવેલ હોય છે તે તથા વરના બાપ પાસેથી તેના ગજા પ્રમાણે ઉદારતાથી રકમ લે છે તે પાંજરા પોળમાં નંખાય છે. મરણ પ્રસંગે ધર્માદામાં રકમ નંખાય છે. તે, બીન વારસ માણુસો ઉદારતા કરીને પાંજરાપોળોને અમૂક રકમ આપી જાય છે તે અને વખતે એવા ફરજંદ વિનાના માણુસોનો વારસો ધરાવનાર માણુસો અમૂક રકમ આપે છે. આવી રીતે ફંડ એકઠું થાય છે. તે કાંઇ મોટી રકમબંધ હોઇ શકે નહીં. પરંતુ કેટલીક જગોએ વેપારીઓએ સંપ કરીને અમૂક વેપાર ઉપર લાગો નાખેલ હોય છે તેથી સારી રકમ એકઠી થાય છે. આવા લાગા જે જે પાંજરાપોળો ને ન હોય તેણે ખાસ

કરીને નાખવા જરૂર છે. વેપાર ઉપરનો લાગો કોઇને ભારે પડશે નહીં અને એ રકમમાં બધી પ્રજાનો હિસ્સો આવી જશે.

આઢ અને જીનોમાં વેપારીઓ પાંજરાપોળનાં ઢોરો માટે કપાશીઆ આપે છે. અને નાનાં ગામોમાં જ્યાં પાંજરાપોળો હોતી નથી ત્યાંના વેપારીઓ પોતાના ગામમાં કપાશીયા એકઠા કરીને મોટાં શહેરની પાંજરાપોળોમાં મોકલાવી આપે છે. આવાં ફંડોથી ઉત્પન્ન થએલ પૈસામાંથી ખર્ચ ચલાવવામાં આવે છે અને તેમાંથી કાંઇ બચાત બચે છે તો તેમાંથી દુકાનો વિગેરે મકાનો વેચાણ યા ધરેણે લેવામાં આવે છે અને તેની ઉપજ પાંજરાપોળને મળી જાય છે. વઢવાણ શહેરવાળાએ પોતાની શીલીકમાંથી વઢવાણ કેમ્પમાં એક મોટો પ્લૉટ રોકી મકાનો બંધાવ્યાં છે, જેમાંથી સારી રકમ ઉપજે છે. વળી જે રકમ શીલીક હોય છે તે તેના વ્યવસ્થાપકો જે સધ્ધર આસામી હોય તેને ત્યાં વ્યાજે રોકે છે. આવી રીતે વ્યાજે રાખનાર ગૃહસ્થ ગમે તેવી સ્થિતિએ એ રકમ ડૂબાવતો નથી; અથવા જો એવી રકમ ડૂબી હોય તો તેના દાખલા જવલ્લે મળે છે. આ રીત કેટલાક સુધારાવાળાઓને ગમતી નથી. તેમને આવાં કાર્યો ઉપર વિશ્વાસ હોતો નથી. એ ભાઇઓ સૂચવે છે કે ગવર્નમેંન્ટ સીક્યુરીટી વાળી બેંકોમાં રોકો અથવા પોસ્ટ× ઑફીસની સેવીંગ બેંકમાં રોકો, અથવા પોર્ટ ટ્રસ્ટ કે મ્યુનીસીપાલ બોંડોમાં રોકો એમ કહે છે. વાત ઠીક છે. પણ એવાં ખાતાંના વ્યવસ્થાપકો કહે છે કે ત્યાં વ્યાજ થોડું આવે છે અને બોંડોમાં રોકેલ પૈસા જોઇતા હોય ત્યારે ભાવ થોડો ઉપજવાથી મુદ્દલમાં નુકશાન થવા જેવું બની જાય છે. અને પોતાનાજ શહેરમાં રકમ પડી હોય તો તે જ્યારે જોઇએ ત્યારે ખપમાં આવે ! કારખાનાં કે શેરમાં એ રકમ રોકાવાથી એ વેપારની રૂખ ઉપર કોણ તજવીજ રાખ્યા કરે ? એવી જોખમવાળી વાતો રજુ થાય છે. અને એ સત્ય છે કે નાનાં નાનાં ખાતાં કે જેની મીલકત હજારો ઉપર અંકાતી ન હોય ત્યાં આવી સુધરેલી સુચનાઓ બહુજ ઉપયોગી થઇ પડે તે કરતાં ખર્ચાળુ અને બીનઉપયોગી દેખાય છે. પરંતુ જ્યાં હજારોની રકમો હોય અથવા લાખ બે લાખની શીલીક હોય ત્યાં એ રકમ બહુજ સંભાળભરી

× રાંડીરાંડની માફક ઓછા વ્યાજે અમુક ખાતામાંજ રકમ રાખી મુકવા કરતાં મકાનો, ખેતરો અને છેવટ સારા ગ્રહસ્થને ત્યાં સારા વ્યાજે રકમ મુકવી જોઇએ.' તેમ મીલકત કે દાગીના ઉપર વ્યાજબી વ્યાજે રોકવી—યા ફેરફાર કરવી તેજ સારૂં છે. બેંકો અને પરદેશી વ્યાપારીઓ કરતાં આપણા જાણીતા દેશી વ્યાપારીઓ કોઈ રીતે ઉતરતા સમજવાનું કારણ નથી. **જૈનબેંકની સૌથી** વધુ જરૂરીઆત જણાય છે.

રીતે શેરોમાં, ગવર્નમેન્ટ સીક્યુરીટીવાળા સ્થળોમાં અથવા ચાલીઓ કે દુકાનો રાખવામાં રોકવી એ બહુજ સલામતીવાળી વાત છે.

વેપારીઓની ક્રેડીટ એટલે આબરૂ અને નોંક માટે કાંઇ શક રાખવા જેવું નથી. દેશની દોલત દેશમાંજ સ્વકારભાર અને વ્યવસ્થામાં ફરે, વધે, ફાલેફુલે તેમાં બહુજ ખુશી થવા જેવું છે. તેમાં આપણી શક્તિની મહત્તા વધે તેવું છે. પણ વેપાર દરીયો છે. તેનો પાર ધાર્યામાં રહેતો નથી. દરિયો લાભ આપે તો બેડો પાર કરે અને વેપારમાં પણ એવુંજ છે. પણ જો દરિયો કે વેપાર ઉંધાં મંડાયાં તો ખોદી જડીયા બીટ કાઢી નાખી પાયમાલ કરી દે અને તેમાં રોકેલી મૂડીને ખલલ લાગી જાય! આવી રીતે અંદર અંદર પૈસા રોકવાથી અંધારૂં થવાનો સંભવ છે. અને એ ફંડ પાછું વસુલ કોણ લેવા જાય એ સવાલ છે. નાણું તથા ધરતીએ ફરતાં સારાં છે. એનું ખેડાણ વધે તેમ તેમ બરકત થાય છે. એટલે એ નાણાં જમા કરાવતાં બહુજ સંભાળ રાખવી અથવા જો મુનીમો વીગેરેનું ખાતું હોય તો નાનાં નાનાં વેપારીઓને થોડી થોડી રકમ વ્યાજે અને હપતે આપવી કે જેથી વ્યાજ સારૂં ઉપજે અને મુદ્દલ રકમને એકીદમ ખલલ ન લાગે. આ એક ગ્રામ્ય બેંક જેવું ખાતું થઇ પડશે. આ ખાતાંને ડહાપણથી ગ્રામ્ય બેંકની સાથે જોડી કોઇ યોજના ઉભી થાય તો તે વાત પસંદ કરવા જેવી છે. અને શેઠ સાહુકારોમાં એ રકમ અનામત રહેતી હોય તો તે કાંઇ છેક નાપસંદ કરવા જેવું તો નથીજ.

પાંજરાપોળ આદિના ફંડનાં ટ્રસ્ટ–ડીડ થવાની જરૂર છે: અને ત્રસ્ટીઓ જ્યારે જ્યારે કમી થાય ત્યારે ત્યારે નવા ઉમેરવાની ખાસ જરૂર છે. આવાં ફંડો રજીસ્ટર કરાવવાં જોઇએ છીએ. કેમકે હિસાબ જોવાની તકરાર વખતે એથી સરળતા રહે છે. પાંજરાપોળનો હિસાબ કોઇ જોવા માગે અને તેને સરળતાથી ન બતાવવો, બાનાં કાઢવાં, વાત લંબાણ નાખી ખોરંબે પાડી દેવી–એ બધું ન માફ થઇ શકે એવું છે. અને એથી નાગાઇને ઉત્તેજન મળવા જેવું છે. હિસાબ જોવા આવનારે શુધ્ધ દીલથી બીનતકરાર કરવાને ઇરાદે જોવો. ભૂલચૂક સુધરાવવા સુચનાઓ કરવી; પણ એ ખાતાંને સહેજ પણ નુકશાન લગાડવાના ઇરાદાથી હાજર ન થવું. આવાં ફંડોના વાર્ષીક હિસાબ બહાર પાડવા અને તેમાં શીલીક કયાં અનામત છે, શું ઉપજ અને શું ખર્ચ છે, એટલી વાત તો અવશ્ય પ્રગટ થવી જોઇએ. આ કાંઇ બહુ ખર્ચાળ નથીજ.

વળી હંમેશાં ઉપજ કરતાં ખર્ચ કમી રાખીને ઘાસનો સંગ્રહ કરી રાખવાની વાત લક્ષમાંથી ખસેડવી નહીંજ. ઘાસનો સંગ્રહ એ પાંજરાપોળનું વિમા ફંડ છે એમ સમજવાની પૂર્ણ આવશ્યકતા છે. અને જો બની શકે અને સગવડતા હોય તો ઘાસનો વેપાર સાથે જોડી દેવાય તો તે દેવાની જરૂર છે. શીલીકમાંથી બની શકે તો ઘાસનાં બીડ વેચાણ કે ઇજારે રાખવાં, જ્યાંથી ઢોરો માટે ઘાસ મળે અને તેને ચરવાની પણ ગોઠવણ રહે! આ નિયમ ઉપરજ છાપરી કુઆળી જે પાલીતાણા પાસે છે ત્યાં જમીન લેવાઇ હતી અને એ જમીન ચરાણ તરીકે ઘણી ઉપયોગી થઇ પડી છે. આવાં ફંડોમાંથી રાજા રજવાડામાં ધીરધાર થતી નથી અને કરવી પણ નહીં કેમકે હાથી આગળ પડેલ ખડનો પુળો પાછો લેવા કોણ જાય? પાંજરાપોળ એ પાંગળું ખાતું છે. તેનું ફંડ જેમ બને તેમ સારી રીતે જાળવી રાખવાને પૂર્ણ રીતે ધ્યાન આપવાની જરૂર સર્વે સ્થળે વિચારાય છે. એ વાત વાજબી અને દરોબસ્ત છે.

(૩) પાંજરાપોળો માટે મકાનો ?

મુંબઇ, અમદાવાદ, ભાવનગર અને વઢવાણ શહેરમાં પાંજરાપોળોનાં મકાનો સારાં છે. રાજકોટમાં પાંજરાપોળનું મકાન સંવત ૧૯૪૫ માં થયું છે. તે પાકા કાળા પાણાથી સરસ બાંધવામાં આવ્યું છે. જગો સુંદર હવાવાળી છે. પાણી માટે નદી પાસે છે, પરંતુ મકાનો ઢોરોને રાખવાની સગવડતા કરતાં મેમાનોને ઉતારા દેવાની સાગવડતા જોગ દીપાવડાં કરેલ છે. આવી શોભામાં માળબંધ મકાન કરવા કરતાં ઉપયોગી મકાનો કરવાની જરૂર છે. આ જમાનો ઉડાવી દેવાનોનથી. કરકસરનો છે, એટલે મકાનો એવાં જોઇએ કે જેતી બધી જમીન ઉપર પથર અથવા ઇંટો જડી દેવી કે જેને સાફ કરવા ધારીએ ત્યારે સહેલાઇથી સાફ કરી શકાય, બનતાં સુધી એક ઢાળીયાં ઉતરાવવાં અને તેની સામી બાજુએ ગમાણો રાખવી કે તેમાં ખડ રહે અને બની શકે ત્યાં સુધી ઢોરોને બાંધવાનો રીવાજ રાખવો. છુટાં મુકી ન દેવાં. છુટાં રહેવાથી નબળાંઓને જબરાં ઢોર કચરી ને ખુંદી નાખે છે. તેને મારીને ખાવા દેતાં નથી.

એ મકાનો એવાં જોઇએ કે જેમાંથી કચરો—કીચડ સહેલાઇથી કાઢી નંખાય. વળી માંદાં અને ચેપી રોગવાળાંને નોખાં રાખવાની સગવડતા રાખવાની જરૂર છે. એ મકાનમાં પાણી કે મુતર ભરાઇ ન રહે એવી સગવડતા સાચવવાની જરૂર છે. આવાં મકાનોની નજીકમાં ખડ ભરી રાખવાનાં ભંડકો જોઇએ કે જેમાં પાણી ઉતરી ન શકે અને ખડ તાજું રહે! પાંજરા-

પોળો માટે મકાનો ઘણીખરી જગોએ તો ઠીક છેજ અને હવે પછી બાંધનારે કરકસરને ખ્યાલમાં રાખી માણસ કરતાં ઢોરને અનુકૂળ થાય એવાં મકાનો બંધાવવાં. તેમાં હવા આવવાને જાળીઓ; બારી-બારણાં ઉઘાડ વાસ થઇ શકે એવાં રખાવવાં. અને ખાસ કરીને પાંજરાપોળો માણસના વસવાટથી થોડે દૂર પણ કરાવવાની વાત લક્ષમાં રાખવા યોગ્ય છે. પાંજરાપોળ નજીક પાણીની સારી સગવડ અવશ્ય ધ્યાનમાં રાખવાને ભૂલવું ન જોઇએ.

(૪) પાંજરાપોળમાં શકિતવાળાં ઢોરો રાખીને 'ડેરી હાઉસ' સ્થાપવાની જરૂર છે કે ?

નાનાં ગામો અને શહેરોમાં દુધ, દહીંની ખપતી ઓછી હોય છે. ત્યાં 'ડેરી હાઉસ' સ્થાપવા તદ્દન નકામાં છે અને મોટાં શહેરો કે જ્યાં દુધ, દહીંનો ખપ બહોળો હોય છે તે જગોએ જો સારાં ઢોરો રાખી 'ડેરી હાઉસ' રાખવામાં આવે તો તે ફાયદાવાળો ધંધો થઇ પડે પણ એ કડાકુટ કોણ કરે એ સવાલ છે. રાજકોટ સ્ટેટ તરફથી એવું ખાતું સ્થાપવામાં આવ્યું હતું તે નિષ્ફળ ઉતરવાથી એ સ્ટેટે બંધ કર્યું છે. એવોજ અખતરો મોરબી દરબારે કરી જોયો હતો અને ત્યાં પણ નિષ્ફળતાજ* મળી છે. એ અનુભવ સમીપ છે, ત્યારે પાંજરાપોળને ગળે સફેદ હાથી બાંધવાની સૂચના કરવાને હું આગ્રહ કરી શકતો નથી. એટલું તો ખરૂં છે કે મુંબાઇ, અમદાવાદ, સુરત અને પુનામાં એ અખતરો કરી જોવા યોગ્ય છે. 'ડેરી હાઉસ' હોવાથી બકરાંઓને દૂધ પાવાની સગવડ થાય અને તેના ઉપયોગથી વધારે દૂધ રહે તે વેચાય. માખણ, મલાઇ તૈયાર થાય. છાશ થાય તો તે ઢોરોને પીવાને આપવાથી બહુ ઉપયોગી થઇ શકે! પરંતુ પાંજરાપોળ સાથે એવું ખાતું રાખવું એ ઘણી મુડી અને જંજાળનું કામ છે. વળી મકાનોની ખાસ સગવડતા જોઇએ કારણ પાંજરાપોળનાં માંદા ઢોરની સોબતથી સાજાં ઢોરને ચેપ લાગી જવાનો સંભવ છે. એ સંભવનો વિચાર કરીને સાજા ઢોર તેમના સ્પર્શથી દૂર રાખવાની ગોઠવણ કરવાની આવશ્યકતાનો વિચાર કરવા જોગ છે. પાંજરાપોળો સાથે 'ડેરી હાઉસ' ઉઘાડવાની તૈયારી છે

---

* રાજ્ય કે સ્ટેટ તરફથી અખતરો નિષ્ફળ જવાનો સંભવ નોકરોની બે કાળજી ઉપર આધાર રાખે છે. તેમ તેવા ખાતાને ખાનગી કહેવાય નહી. ઘણી જગે અને ખાસ કરી મુંબઇમાં તો મોટા ખર્ચો છતાં સારો નફો મેળવાયછે. બેશક ખટપટ કરનાર માણસોની જરૂર છે.

એમ હું વિચારી શકતો નથી, તેની આવશ્યકતા સ્વીકારતો નથી અને એવાં ખાતાં જો ઉઘડે તો હું તેને નાપસંદ કરતો નથી. જો શીલીક અને સામર્થ્ય વધે તો એવાં ખાતાં ઉઘાડવાં એ ફાયદાભરેલું છે એવો મારો ખુલ્લો અભિપ્રાય છે. પાંજરાપોળો એ માત્ર ખર્ચ ખાતુંજ છે. તેમાંથી જો કોઇ રીતે ઉપજ વધે તેમ થઇ શકે તો ભૂલવું ન જોઇએ.

હાલમાં મૂવેલાં ઢોરની ચામ, છાણ અને ખાતરની ઉપજ છે. પણ દુધની ઉપજ વધે! ઢોરો પાળીને વેચવા સાટવાનો ઉદ્યોગ વધે તો એ વાત પસંદ કરવાજોગ છે. એવું કરવાને જો સખી ગૃહસ્થો નાણાં ભરીને એક ફંડ એકઠું કરી ધંધાના રૂપમાં મૂકી તે ઉપજ, ખોડાં ઢોર ખાતે ખર્ચવાનું રાખે તો તેથી કામ ઘણું કરી શકાય તેમ છે. નાણાં અનામત મૂકવાની ભાંજગડ પણ દૂર થાય. ઢોરોનો જથો રહેવાથી સાથે ખેતીવાડી પણ રાખી શકાય અને તેમાં ગાજર, ગદબ, છાસટીયો આદિ ઢોરોનો ચારો પણ વાવીને ઉપયોગમાં લઇ શકાય; એવું એવું કરવાને બહુજ બહોળા પાયા ઉપર ગોઠવણ થવાની જરૂર છે. આવાં કાર્યો સાર્વજનીક ખાતાં સાથે જોડાય તે કરતાં ખાનગી સાહસથી ચાલે તો તે બહુજ ઉપયોગી થઇ પડશે. આવી રીતે ધાર્મીક ખાતાં ઉત્પાદકરૂપમાં ફેરવાય તો તેનો વિસ્તાર વધી તે ચિરાયુ થઇ શકે! આવા આવા ઘણા સવાલો અવકાશ લઇને વ્યવસ્થાપકોએ ચર્ચવાની ખાસ જરૂર છે. આ નવાં કાર્યો માટે મતભેદ તો અવસ્ય હોયજ! પણ મતભેદનો વિચાર કરી તે શાથી દૂર થાય તે વિષે બહુજ ગોર કરવાની જરૂર છે. નફા નુકશાને પણ જ્યાં યોગ્યતા હોય ત્યાં આવાં ખાતાં સ્થાપવાના અખતરા અવસ્ય કરી જોવાની મારી ભલામણ છે.

(૫) પાંજરાપોળો માટે વૈદક તપાસણી કરવા અને સહાયતા મેળવવા બાબત.

નાનાં શેહેરો અને ગામો કે જ્યાં ઉપજ આંગળીનાં ટેરવાં ઉપર ગણાતી હોય છે, ત્યાં વેટરિનરી આસીસ્ટંટ કે ડાકટરનું ખર્ચ ઉપડી ન શકે એ વાત પ્રત્યક્ષ છે. અને એવાં સ્થળે એવા ડાકટરો ઓનરરી પણ મળી નજ શકે એ વાત બીનસંદેહ છે. મોટાં શહેરો પૈકી મુંબઇમાં વેટરિનરી ડાકટરોની ગોઠવણ છે. અમદાવાદ, સુરત આદિ મોટાં સ્થળે જો એકાદ ડાકટર રાખવામાં આવે અને ત્યાં બહારગામની નાની પાંજરાપોળોના થોડા ભરવાડોને બોલાવી ઘટતી સંભાળ રાખવામાં આવે અને એવી રીતે

જો સુધારા વધારા દાખલ થાય તો તે ઓછા ખર્ચાળુ અને ઉપયોગી થઇ શકે! આવા વૈદક અમલદારો ઉપર દર પંદર દિવસે કે મહીને દિવસે દરેક પાંજરાપોળ તરફથી માંદાં જનાવરોના મંદવાડના ઉપલક ટુંકા વર્ણનવાળો રીપોર્ટ કે પત્રક જાય અને ત્યાંથી સૂચનાઓ આવે તે પ્રમાણે અમલ થાય તો તેથી ઉપયોગી કામ થઇ શકશે. આ કાર્ય વધારે સારા પાયા ઉપર મૂકવા સારૂ બે વેટરિનરી ડાક્ટરો મુસાફરી માટે જો રાખવામાં આવે તો તેથી કામ પાર પડી શકે! એટલે એક ડાકટર જ્યાં કોઇ રોગ ફાટી નીકળ્યો હોય ત્યાં જાય, અને એક ડાકટર સામાન્ય રીતે પાંજરાપોળની મૂલાકાત લઇ પોતાને જે યોગ્ય લાગે તે સૂચનાઓ કરે. આવી રીતે કરવાથી થોડે ખર્ચે સારૂં કામ બજાવી શકાશે.

આ કામ ઉપાડવાથી કેટલુંક ખર્ચ નવું નિકળવાનો સંભવ છે અને વળી એ ડાકટરો પાસે દવાઓ તથા શસ્ત્રો જોઇએ તે પરદેશથી મંગાવવાં જોઇએ પરંતુ હાલમાં એવી દેશમાં અનુકૂળતા નથી, એથી સ્વદેશી હીલચાલનું ઉપયોગીપણું ખ્યાલમાં રાખીને બની શકે તેટલી દેશી ચીજો વાપરવાનું લક્ષમાં રાખવાની જરૂર છે. આ નવી સુચનાનો અમલ થાય એ ઝાડે બેઠેલ પક્ષી જેવી વાત છે. × હાથમાં પક્ષી હોય એવી વાત નથી. આજે પાંજરાપોળોમાં ભરવાડો જે સારવાર કરે છે, તે પણ ખાસ લક્ષમાં લેવા યોગ્ય તો છે. એ ભરવાડો ઢોરોનાં દુઃખદરદો સમજે છે અને તે માટે દેશી ઇલાજો જાણે છે તથા તે પ્રમાણે કરે છે. આવા ઇલાજો દરેક પાંજરાપોળોમાં રોગના વર્ણનવાર લખાય તો તે ઉપયોગી થઇ શકશે. અને આવાં લખાણો અરસપરસની પાંજરાપોળોનાં લખાણો સાથે સરખાવાય તો તેથી ઘણા સારા ઇલાજોનો સંગ્રહ થશે. આવો સંગ્રહ અનુભવી ડાકટર આગળ રજુ કરી સુધરાવી વધરાવી તે છપાવી દરેક પાંજરાપોળને ભેટ આપવાની બહુજ આવશ્યકતા છે, જેથી આપણું

× જ્યાં પાસ થયેલ ડાકતરની ગોઠવણ ન થાય ત્યાં કોઇ જાણીતા પશુ વૈદની નિયમીત તપાસ માટે નીમણુંક કરવી જોઈએ. અને એકાદ મુસાફરી કરતો વેટીનરી સરજ્યન હોય તો તે તેવા વૈદોને ઘણું સીખવી શકસે કાનફરન્સ તરફથી આ માટે ગોઠવણ ઉત્તમ થઇ છે—મુંબઇ કોન્ફરન્સ જીવદયા કમીટીને માસીક કે. અમુક વખતે રીપોર્ટ મળતા રહેવા જોઇએ મુસાફરી કરતા ડા૦ ને રોકાણ નહીં કરતાં વધુ અનુકુળતા કરી આપવાને વહીવટ કરતાઓએ ખાસ લક્ષમાં રાખવું જરૂરનું છે.

જે છે તે સચવાઇ રહેશે અને એ જ્ઞાનના મૂળ તત્વો કોઇ કાળે બહુજ ઉપયોગી થઇ પડશે. એ તત્વોને આધારે નવિન શોધ થઇ શકશે. આવું આવું થવાની જરૂર છે. અને તે સારૂ પાંજરાપોળોએ અરસપરસ બહોળો પત્રવ્યવહાર અને તક મળે તો સમાગમ કરવાની જરૂર છે.

(૬) પાંજરાપોળોના જનાવરો સારૂ ખોરાક તથા પાણીની રાખવી જોઇતી સંભાળ.

પાંજરાપોળો ઘણીખરી જગોએ જૈન શેઠીઆઓને તાબે હોવાથી પાણી ગળીને પાવાનો રીવાજ હોય એ માન્ય કરવા જેવી વાત છે. આપણા તાબામાં આવેલ જીવોને અળગણ પાણી પાવું એ આપણને કોઇ રીતે ઘટીત નથી. એ મુંગાં જીવો કે જેને વિચારશકિત નથી. તે તો જેવું આપો તેવું પાણી પીશે. બની શકે ત્યાં સુધી પીયાવામાં પણ પાણી ગળીને દાખલ કરવું. અને એ પાણી વાસીને વાસી રાખી મૂકવાનો રીવાજ જો ઓછો કોઇ રીતે થાય તો તે બહુજ સારૂં કાર્ય થઇ શકશે. આ જમાનો કળા હુન્નરનો છે. જેથી જેવી ગોઠવણ કરવા ધારીએ તેવી ગોઠવણ થઇ શકશે. વળી પાણીમાં છાશ અથવા મીઠું અથવા એ બન્ને ભેળીને પાવાથી ઢોરોની તન્દુરસ્તી સારી રહેશે. ખોરાક વિશેષ ખાઇ શકશે અને મોળવાણ પડી નહીં જાય.×

ખાંણમાં કાચા કપાશીયા ખાઇ શકે તો ઠીક; નહીં તો કપાશી બાફીને તેમાં ગુવાર, મેથી, બાજરો આદિ અનાજ અને મીઠું નાખી ખાણ આપવું. ખોળ ખાય એવાં ઢોરોને ખોળ આપવો, ખડ માટે તો શું સૂચના કરીએ ? પણ ઘરે મગોડું, મઠ, કડબ, પાનસુર, કુર આદિ અનાજનું કરસણ ખવરાવીએ છીએ તેવું કરસણ પાંજરાપોળનાં ઢોરોને મળી શકે એવી બની શકે તો તજવીજ કરવી. ખડનો સંગ્રહ કરવાની આવશ્યકતા

× કુંડીઓ નાની અને દરરોજ બે વખત સ્વચ્છ થાય તેવી જોઈએ. એક બીજાનું તેમાં ખાસ કરી રોગી અને નીરોગી એક કુંડીમાં પાણી ન પીએ તેની સંભાળ રહેવી જોઇએ. (નીરોગીને રોગનું કારણ તેજ છે માટે) જનાવરોની બેસવાની જગ્યા સ્વચ્છ અને ભીનાશ વગરની જોઇએ. રોગી ને નીરોગી અશકત ને જોરાવર જુદાંજ રહેવાં જોઇએ. ઘાસ એકદમ નાખવું નહી, પણ બે ત્રણ વખત થોડું થોડું નાખવાથી બગાડ ઓછો થાય ફાયદો થાય—અને ખરાબ ઘાસ પેટમાં જવાથી રોગ થાય તેમાંથી બચે.

આગળ બતાવી ગયા છીએ તે મુજબ ખડ પણ ભરી રાખવાને ખાસ યાદીમાં રાખવું જોઇએ.

ખડ સંભાળથી નીરાય અને ઢોરો તેનો બગાડ ન કરે એ વાતની પકકી સંભાળ રાખવી. કરકસર એ સાર્વજનીક ખાતાં માટે એમૂલો પાઠ છે. બકરાંને દૂધ પાવા સારૂ વેચાણુ દૂધ લેવામાં આવે છે. તેની પકી અને પૂરતી સંભાળ રાખવાની બધી જરૂર છે. વઢવાણુ શહેરમાં દૂધ ખરીદતી વખતે તે સ્વચ્છ છે કે નહીં તે પારખવાના યંત્રથી તપાસીને લેવામાં આવે છે. આ રીત બહુ સારી છે. દરેક બકરાંને સંભાળથી દૂધ પવાય અને તેને જૂદાં જૂદાં રાત્રે રખાય તો એ બકરાં બધાં બચ્યા વિના રહે નહીં. જે બકરાં દૂધ પીતાં ન શીખ્યાં હોય તેને ચામડાંના આંચળ ધરિ દૂધ પાવું અથવા થોડીક બકરીઓ એવાં બકરાંને ધવરાવવા સારૂ રાખવાની જરૂર છે.

આપણા તાબામાં આવતાં બકરાં, ઢોરો, પક્ષીઓ, કુતરાં અને દરેક જનાવરની ખોરાક, પાણી અને દવા સારૂ પૂરતી કાળજી રાખવાની બહુજ જરૂર છે. ખાતાંઓ સાચવવા, સંભાળવાથીજ સારા પાયા ઉપર રહી શકે છે. વઢવાણુ શહેરમાં છેલ્લાં વીસ વર્ષ થયાં શેઠ થાવર ભાઇચંદ પાંજરાપોળની સંભાળ ઑનરરી તરીકે રાખે છે. અનાજ, પાણી, ખડ, દૂધ, વિગેરે પોતે ઘણીખરી વખતે જોયા વિના રહેતા નથી, અને એ સારી સંભાળને લીધે પાંજરાપોળ બહુજ સારી આબાદી ભોગવે છે. આવા દાખલા ગામોગામ બને એવું આપણે અંતઃકરણપુર્વક ઇચ્છીશું.

(૭) નાનાં બકરાંઓ માટે રાખવી જોઇતી ખાસ સંભાળ.

ભરવાડ–રબારી લોકો નાના બોકડાઓમાં પોતાનો સ્વાર્થ ન સમજીને વગડામાં રખડતા મુકી દેતા હતા. તેને સરકાર તરફથી તથા રાજાઓ તરફથી સરકયુલરો થવાથી એ વાત કેટલેક અંશે બંધ પડી છે. આવા બોકડાઓ પાંજરાપોળમાં મૂકાતા હતા અને મૂકાય છે. રોહીશાળા મૂકામે ભરવાડોના ગુરૂ દૂધરેજના મહંત અને લાખા ભગત તરફથી એક મોટો મેળાવડો થયો હતો. તેમાં એવો ઠરાવ થયો છે કે કોઇએ નાના બોકડા અમુક મૂદતના કર્યા વિના રખડતા મૂકવા નહીં. તેમ પાંજરાપોળોમાં મૂકવા નહીં. પણ અમૂક મહીનાનાં થતાં મૂકવા.

પાંજરાપોળોમાં મૂકાતા નાના બોકડાઓ એટલા બધા મરી જાય છે કે તેનું પત્રક જોવામાં આવે તો ભારે અજાયબી લાગે અને એમ થઇ જાય કે પાંજરાપોળ એ બકરાઓને માટે રક્ષણખાતું નથી, પણ કતલખાતું છે, યા બકરાઓને આત્મઘાત કરવાનું યાતો કચરાઇ મરવાનું સ્થાન છે. આમ થવામાં પાંજરાપોળોના વ્યવસ્થાપકોનો દોષ નથી. પણ શિયાળામાં જ્યારે ટાઢ પડે છે તે વખતે ટાઢથી બચવાને એક બકરા ઉપર અનેક ઉપરા ઉપરી ચડી ઝુંપ લે છે. જેના યોગે ભાર ન સહન થતાં ઘણા બકરાઓ મુંઝાઇને મરી જાય છે. આમ ન થવા સારૂ દરેક પાંજરાપોળમાં થોડાક સુંડલા રહેવાની જરૂર છે અને સાંજે સાંજે સુંડલા નીચે બકરાંને એક એક છુટો મૂકી સુંડલા ઉપર ભાર મૂકવાથી એ બકરાં બચી શકશે. +

દૂધની સ્વચ્છતા રાખવા તથા કેવી રીતે પાવું જોઇએ એ અગાઉ સમજાવી ગયા છીએ. મોટાં શહેરોમાં ઘર ઉમ્બરે બકરો પાળવા રીવાજ મહાજન તરફથી દાખલ થએલ હોય છે. એ વિચાર પણ સારો છે અને ત્યાં ઉછરી એ બકરા મોટા થાય છે. પરંતુ વરસ દિવસના થતાં પાછા પાંજરાપોળોને સ્વાધીન થતાં તેમને પોતાના ધણીનો અસાંગળો લાગે છે. અને તેથી ઘણા પોકાર કરે છે. ચરવા જતો નથી, પાણી પીતો નથી; એવું આક્રંદ કોઇ કોઇ કેસમાં બને છે. કેટલાકો આવા મોંઘવારીના વખતમાં બોકડા પાળવાને નાખુશ થાય છે. અને ઘર ઉમ્બરે એક કરતાં વધારે તો પાળવા આપી શકાય તેમ નથી, એટલે એ રીવાજ જેમ છે તેમજ ચાલવા દીધામાં સાર છે. તેમાં વધારો ઘટાડો કરવા જેવું નથી.

+ ખર્ચ અને પૈસાના લોભે રબારીઓ વગેરે નાનાં બચ્ચાંને છુટાં મુકી દેછે. અથવા વેચેછે કે પાંજરાપોળોમાં ભરે છે. પણ તે જીવો નાહક પાંજરાપોળનું ખર્ચ ખાઈ પાંજરાપોળને બદનામકરતા થઇ પડે છે. સબબ પોતાની માતાનું દુધ થોડી વખત મળવું જોઇએ તે મળતું નથી. આ માટે સારો માર્ગ એ છે કે અમુક મુદત સુધી મોટાં કરીને લાવે તેને દરેક બચ્ચે એક અથવા બે રૂપીઆ આપવા. આમ થવાથી મરણની સંખ્યા ઓછી થશે અને જીવોનું રક્ષણ થશે. ઉપરાંત ખર્ચ (રૂપીઆ આપવા કરતાં) કમી થશે તેમ લાગે છે–બોકડાઓ પાછળ ૩૦ હજારનું ખર્ચ રોહીશાળા પાંજરાપોળને થવા છતાં સેંકડે ૯૦ ટકા મરણ આવે છે.

દરેક પાંજરાપોળમાં બકરાઓ કેટલા દાખલ થયા અને કેટલા મરી ગયા અને શું કારણથી મરી ગયા તેની નોંધ રહેતી હોય તો તે ઉપરથી ઘણાં સારાં અનુમાનો કાઢી શકાય તથા એ બકરાઓને બચાવવાના ઉપાયો કરી શકાય! શરૂઆતમાં આવી ગોઠવણ રહેવાની જરૂર ઘણી છે. +

(૮) મનુષ્યો માટે પાંજરાપોળ જેવાં ખાતાં સ્થાપવાની જરૂર છે કે?

અગાઉના કાળમાં શ્રાવક તો કોઇ દુઃખી હતાજ નહી. આવા દુકાળ અને મોંઘવારી હતાં નહી. ભાગ્યા મેહ વરસતાં જમીનમાં રસકસ ઘણો હતો. દેશથી પેદાશ પરદેશ ઘસડાઇ જતી નહોતી. ઉત્પાદક જનાવરોનો આજે જે વધ થાય છે તેવો બીલકુલ વધ થતો નહોતો. ખર્ચ કરતાં ઉપજ વધારે હતી, એટલે કોઇ દુઃખી નિરાધાર હતાંજ નહીં. આજે ઘરે ઘરે ગરીબાઇ અને લાચારીનો શિહા પડદો ફરી વળ્યો છે. આજે માણસો દીકરીઓરૂપ છોરૂ વેચી ગુજારો ચલાવવાનું સાધન સમજે છે. આજે વિધવાઓનું ભરણ-પોષણ તેના ખેશીઓ પૂરતી રીતે કરતા નથી. આજે દુકાળમાં કોઇ કોઇનું સગું રહેતું નથી. પુરૂષો અનાજ અનાજ કરતા સ્ત્રીઓને છોડી જાય છે; સ્ત્રીઓ પોતાનાં વહાલાં બાળકોનો ત્યાગ કરી ભટકી ખાય છે. આજે નિરાધાર બાળકોનો આધાર દ્રષ્ટિએ પડતો નથી. એ બધા દુકાળનાં ચિત્રો ધ્યાનમાં લઇ અનાથાશ્રમો ઉઘાડવામાં આવે અથવા પાંજરાપોળોમાં ફંડ હોય અને તેમાંથી મદદ + કરવામાં આવે તો તેમાં હું કાંઇ ખોટું સમજતો નથી. નાના જીવોનું રક્ષણ કરનારા જૈનોની ફરજ મોટા જીવોનું રક્ષણ કરવામાં સમાય છે. મુંગાં જીવોનું રક્ષણ કરવું અને મનુષ્યોનું રક્ષણ ન કરવું એવું ધર્મશાસ્ત્રનું ફરમાન નથી; સર્વથી પહેલાં મનુષ્યોનું

× દરેકે દરેક-પ્રાણીની નોંધ હોવીજ જોઈએ અને તેમાં (૧) શાલીક (૨) આવક (૩) જાવક (૪) મરણ કારણો સહીત-(૫) અશક્ત (૬) સશક્ત (૭) રોગી વગેરે નોંધ જોઈએ (૮) બીજી પાંજરાપોળમાં મોકલ્યાં કે ત્યાંથી આવ્યાં તથા ગૃહસ્થને ત્યાં પાળવા આપ્યાં તે પણ હકીકત જોઇએ.

+ મનુષ્યોને મદદ પાંજરાપોળનાં ફંડમાંથી નહી પણ તેવા ઉપયોગ માટે-(તે ખાતે) જૂદું ફંડ હોય તો અવશ્ય લાભદાઇ છે.

રક્ષણ કરવાની જરૂર જૈન શાસ્ત્રોમાં છે. ભુખ્યાને ભોજન, તૃષ્યાને પાણી–બાળકોને જ્ઞાન, વિગેરે આપવાના દાનના ઘણા પ્રકારો છે. અને બીજા કોઇ પણ ધર્મમાં મનુષ્યોનું રક્ષણ ન કરવાનું ફરમાન નથી. સર્વે ધર્મશાસ્ત્રો મનુષ્યોનું રક્ષણ કરવાનું ઠરાવે છે; અને એટલા સારૂ અનાથાશ્રમો કાઢીને તેમાં ઘરડાં બુઢા–માંદાં અને બાળકોને રાખી તેનું પોષણ કરવામાં આવે તો તે ઘણું રૂડું કામ છે. મનુષ્યો માટે પાંજરાપોળ જેવાં ખાતાં થાય તો તે પસંદ કરવા જેવી વાત છે, અને આશા છે કે ધર્મી બંધુઓ–દેશાભિમાની બંધુઓ–પરમાર્થ વૃત્તીના બંધુઓ–સ્વદેશ ભકતો સર્વે મળીને આ કાર્ય દીલોજાનીથી ઉપાડી લઇ ફતેહ કરશે.

કેટલીક જગોએ અનાથાશ્રમો સ્થપાવા લાગ્યાં છે. નેશનલ કોંગ્રેસની બેઠક વખતેજ અનાથાશ્રમને લગતી એક નાની કોનફરન્સ ભરાય છે, અને તેમાં અનાથાશ્રમોનો સવાલ વિચારમાં લેવાય છે એ બહુજ તારીફલાયક કાર્ય છે. આવા પ્રસંગો ઉપર તથા જૈન વૈશ્ય–આદિ—કોનફરન્સો વખતે પાંજરાપોળ જેવાં ખાતાંની ખાસ એક મીટીંગ થાય તો કેવું સારૂં? એ મીટીંગોમાં પાંજરાપોળો અને અનાથાશ્રમો જોડી દેવાની વાત ચર્ચામાં આવે તો એ સવાલ સારૂં રૂપ લઇ શકે એવી વાત છે.

પાંજરાપોળોની મીટીંગમાં–વ્યવસ્થાપકોની કાર્ય પદ્ધતી, ફંડ કરવાની રીતી, અનામત રાખવાની રીતી, ખર્ચ કરવાની રીતી, હિસાબ રાખવાની રીતી, હિસાબ બહાર પાડવાની રીતી, ટ્રસ્ટ ડીડના નમુના, ચોપડા રજીસ્ટર કરવાની જરૂર, ઉપજ વધારવાના સાધન મકાનોની ગોઠવણ, ઢોરો સાચવવાં, ખોરાકની ગોઠવણ કરવી, ઢોરોની માવજત કરવી, દવાઓ કરવી, રોગોનું વર્ણન, રોગોની પીછાન અને ઉપચાર આદિ સવાલો ચર્ચામાં આવે તો એથી વિચારનો અદલોબદલો થઇ અત્યંત ફાયદો થશે. આવી મીટીંગોની ખાસ આવશ્યકતા સ્વીકારવા જોગ છે.

જૈન કોનફરન્સમાં જીવદયાનો સવાલ ચર્ચાય છે. તેમાં જીવોના રક્ષણ સંબંધી બેમૂલા વિચારો રજુ થાય છે. તેમાં પાંજરાપોળોની ખામીઓની વાતો વર્ણવાય છે. તેમાં જીવોના રક્ષણની આવશ્યકતા સમજાવાય છે. પણ પાંજરાપોળોની વ્યવસ્થા વિષે ખાસ વાતો આવતી નથી. એવી વાતો આવી શકે તેટલા સારૂ સબજેકટ કમીટીમાં એ સવાલ વિસ્તારથી આવી શકે એમ કરવાની જરૂર છે. અને આ સવાલ માટે ખાસ મીટીંગ મળે અને એક આખો દિવસ તે

માટે શોકે તો તેથી ઘણો લાભ થશે. પાંજરાપોળમાં થતું જીવરક્ષાનું કામ એ ધર્મની મુખ્ય ફરજ જેવું છે. જીવરક્ષામાં દયા, અનુકંપા અને લાગણીનો સંપૂર્ણ રીતે સમાવેશ થાય છે.

આ નિબંધમાં જે કાંઇ વિચારો રજુ થયા છે, તે જોઇએ તેવા સારા ક્રમમાં રજુ થયા નથી. તેમ આ વિષય સંબંધી ખાસ મારો અનુભવ નથી. તેમ હું અનુભવનો દાવો રાખતો નથી. પરંતુ આશા રાખું છું કે રજુ થએલ વિચારો મીઠી દ્રષ્ટીથી નિહાળી તેમાંથી ગુણાનુરાગીપણે તત્વ તત્વ જો ગ્રહણ કરવામાં આવશે તો આત્માનું કલ્યાણ થશે. શાંતિ ! શાંતિ !! શાંતિ !!!

(સંપૂર્ણ)

'જૈન'

સકળ હિન્દુસ્તાનમાં આ એકજ પત્ર છે કે જે જૈન કોમના હિત માટે નિડરપણે લેખો લખી ધર્મ અને તિર્થ-રક્ષાના કાર્યમાં સ્હાય કરે છે. આ પત્ર સેંકડો સ્થળે વંચાય છે અને તે લાખો જણના હાથમાં દર રવિવારે પસાર થાય છે. થોડાજ વખતમાં તે જગજાહેર થયું છે અને હજુ તેના હજારો ગ્રાહકો મેળવવાની જરૂર છે. દરેક સુજ્ઞ જૈનબંધુએ દર વર્ષે માત્ર ત્રણ રૂપિયા ખર્ચી આ પત્ર ખરીદવું અને જૈનહિતના કાર્યમાં મદદગાર થવું.

માત્ર ત્રણ રૂપિયામાં ૨૦ પાનાનું ભરચક લખાણ આપવા ઉપરાંત દર વર્ષે ઉત્તમ પુસ્તકો ભેટ આપવામાં આવે છે, જે પુસ્તકોની કિમતજ લવાજમ જેટલી થાય છે.

આજ સુધીમાં 'જૈન' પત્રે નિચે પ્રમાણે પુસ્તકો ભેટ આપ્યાં છેઃ

શ્રીપાળ.	શત્રુંજય મ્હાત્મય.
શ્રાદ્ધવિધિ.	હરિવિક્રમચરિત્ર.
અર્હન્નીતિ.	સ્ત્રીઓનો સાથી.

પુસ્તકો ભેટ આપવા ઉપરાંત દર વર્ષે કોન્ફરન્સના અહેવાલનું પુસ્તક મફત મળે છે. તેમજ એક પંચાંગ અને વખતો વખત ઉપયોગી નાના વિષયોનાં પુસ્તકોની લ્હાણી પણ ગ્રાહકોમાં કરવામાં આવે છે.

જો તમે આ પત્ર ન જોયું હોય તો એકવાર તેના નમુનાની નકલ મંગાવી વાંચો અને દર માસે માત્ર ચાર આનાનો ખર્ચ કરી તમારા મનને રંજન કરો અને તમારા ધર્મની વૃદ્ધિના કાર્યમાં સ્હાયભૂત થાઓ.

પત્રવ્યવહાર—

મેનેજર—'જૈન.'
૧૨-એન્ફ સ્ટ્રીટ-કોટ—મુંબઇ.

સસ્તાં અને ઉપયોગી પુસ્તકો.

શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળનાં ઉત્તમ પુસ્તકો જે થોડો વખત થયાં કેટલાં મળતાં નહી હતાં તે હાલમાં બધાં આવી ગયાં છે અને આ પુસ્તકોની છપાઇ, બંધાઇ, કાગળ વગેરે જ્ઞાન વેચી પૈસા પેદા કરનારાઓએ છપાવેલા પુસ્તકો સાથે સરખાવવા અને તે સાથે શુદ્ધતા અને નામની કિંમત જોવા ભલામણ કરીએ છીએ.

માત્ર પડતર કિંમતે જો કે પુસ્તકો વેચવામાં આવે છે છતાં કાંઇ પણ વધારો રહે છે તો તે પાછો આવા ઉત્તમ પુસ્તકો છપાવવામાંજ જાય છે અને તેથી દરેક પુસ્તક ખરીદનાર જ્ઞાનના ફેલાવામાં મદદગાર થાય છે.

દરેક શાળાઓમાં, જ્ઞાનખાતાઓમાં અને ઉપાશ્રયોમાં આજ મંડળના પુસ્તકો વાપરવા સાધુ મુનિમહારાજાઓને ભલામણ કરવામાં આવે છે.

આ મંડળ તરફથી બહાર પડેલાં પુસ્તકો.

પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સાથે	૦—૮–૦	Jaina Philosophy.	1—8-0
पंच प्रातिक्रमण सुत्र.	०-१२-०	શ્રાવક પ્રજ્ઞપ્તી.	૦-૧૦-૦
देवसीराइ प्रतिक्रमण.	०—२-०	તત્ત્વ પરિક્ષા.	૦—૪–૦
વિધિયુક્ત દેવસીરાઇ પ્રતિક્રમણ.	૦—૩–૦	સત્ય સ્વરૂપ.	૦—૪–૦
		ષટ પુરૂષ ચરિત્ર.	૦—૪–૦
जैन स्तोत्र संग्रह.	०—३-०	પૃથ્વી સ્થિર પ્રકાશ.	૧—૮–૦
સોમ સૌભાગ્ય કાવ્ય.	૦-૧૨-૦	શિલવતીનો રાસ.	૧—૪–૦
સમરાદિત સંક્ષિપ્ત.	૨—૮–૦	જૈન લગ્નવિધિ.	(છપાય)છે.
અધ્યાત્મ શાંતી.	(નથી)	જૈન લગ્ન ગીત.	૦-૦—૬
સજ્ઝાયપદ સંગ્રહ.	૦-૧૦-૦	અર્હન્નીતિ,	૧—૮–૦
અહેવાલે જૈન કોન્ફરન્સ		જૈન પ્રશ્નોત્તર રત્ન ચિંતામણી	૦—૮–૦
છ વર્ષ માટે.	૧—૮–૦	શત્રુંજય મહાત્મ્ય.	૨—૦–૦
સમાધી શતક.	૦-૧૦-૦	ઇસાઇમત સામિક્ષા.	૦—૮–૦
પર્યુષણ પર્વ માહાત્મ્ય.	૦—૨–૦	ઓળીવિધી.	૦—૪–૦
સ્નાત્ર પુજા.	૦—૧–૦	હરી વિક્રમ ચરિત્ર	૧—૮–૦

મળવાનું ઠેકાણું:-શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળ. ખારા કુવા સામે-મુંબઇ

,, જૈન પત્રની ઓફીસ, કોટ—મુંબઇ.

,, જૈન લાઇબ્રેરી, વડાચૌટા-સુરત.

,, સોમચંદ ભગવાન—હાજાપીટ-અમદાવાદ